**સુવિચાર**

ગીતા-રામાયણ આદિ ધાર્મિક ગ્રંથોનો શ્રધ્ધાપૂર્વક અભ્યાસ કરવા માટે પણ થોડોક સમય અવશ્ય કાઢવો.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૧૦/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૪૭

### ‘‘અમરેલી એક્સપ્રેસ’’માં આક્રમક રીતે જનસમસ્યાનો અહેવાલ પ્રસિધ્ધ થતાં

# અંતે અમરેલીનાં એરપોર્ટ માર્ગની મરામત શરૂ

**માર્ગની મરામત શરૂ થઈ હોય તેમાં નિયમોનું પાલન થાય છે કે કેમ તેનાં પર સૌની નજર મંડાયેલી છે**

**વાહનચાલકો પ્રતિ લીટર પેટ્રોલ-ડીઝલમાં રૂપિયા ૫૦ સરકારની તિજોરીમાં જમા કરાવે છતાં પણ સુવિધા માંગવી પડે છે**

**શુક્રવાર સવારે અહેવાલ પ્રસિધ્ધ થયાને માત્ર ૩ કલાકમાં જ મરામતની કામગીરી શરૂ કરી દેવાઈ**

**જનપ્રતિનિધિઓ પાસે વિકાસ કાર્યો માટે સમય ન હોવાથી જનતાનાં પ્રશ્નોને મીડિયાનાં માધ્યમથી દૂર કરાશે**



અમરેલી, તા. ૬

અમરેલીનો હાર્દસમો એરપોર્ટ માર્ગ અતિ બિસ્માર બન્યા અંગેનો અહેવાલ આજનાં શુક્રવારનાં ''અમરેલી એક્સપ્રેસ''માં પ્રસિધ્ધ થતાં જ ગણતરીની કલાકોમાં માર્ગ-મકાન વિભાગ ધ્વારા માર્ગની મરામત શરૂ થતાં શહેરીજનોમાં ''અમરેલી એક્સપ્રેસ'' પ્રત્યે અહોભાવની લાગણી ઉભી થઈ છે.

અમરેલીનો એરપોર્ટ માર્ગ ટ્રાફિકથી ધમધમતો છે ઘણા મહિનાઓથી માર્ગ મગરમચ્છની ચામડી જેવો બની ગયો છે. નદી કાંઠેનાં સોમનાથ મંદિરથી ઠેબી જળાશય સુધીનાં માર્ગને એકથી દોઢ ફૂટ ખોદીને બનાવવાની જરૂર છે અને તે માટેની વહીવટી પ્રક્રિયા શરૂ તો થઈ છે પરંતુ કયારે પૂર્ણ થશે તેની કોઈને ખબર નથી. હાલ તુર્ત તો માર્ગ-મકાન વિભાગ ધ્વારા થીંગડા મારવાનું કામ શરૂ થયું છે જે નિયમ પ્રમાણે થાય છે કે પછી તેમાં પણ દે ધનાધન થાય છે તે જોવું

**અનુસંધાન પાના ૬ ઉપર**


માર્ગ-મકાન વિભાગનાં બહેરા કાને વાહનચાલકોનો અવાજ પહોંચતો નથી
અમરેલીનાં એરપોર્ટ માર્ગ ઉપરથી પસાર થવું એટલે તોબા...તોબા

### બિસ્માર માર્ગનાં કારણે અકસ્માતની ઘટનાની સંભાવના

## સાવરકુંડલાનાં વંડા-શેલણા ગામ વચ્ચે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત : ૨ ને ઈજા

**બિસ્માર માર્ગનાં કારણે પંચર પડયું**

આંબરડી, તા. ૬

અતિ બિસ્માર માર્ગના કારણે અમરેલી પંથકમાં વધુ એક વ્યકિતનું મોત નિપજયાનો બનાવ સામે આવતા અરેરાટી મચી ગઈ છે. સાવરકુંડલાના વંડા અને શેલાણા ગામ વચ્ચે બાઈક લઈને પસાર થતાં એક જ પરિવારના ૩ સભ્યોને નડેલ અકસ્માત જીવલેણ સાબિત થયો હતો. સાવરકુંડલાથી જેસર જતા અતિ બિસ્માર રસ્તાના કારણે બાઈકમાં પંચર જેવું લાગતા બાઈકમાં ટાયર ચેક



કરવા જતાં બાઈક સ્લીપ થઈ જતા અકસ્માત સર્જાયો હતો અને બાઈક સ્લીપ થઈ જતાં સાવરકુંડલાના આંબરડી ગામના રતનાભાઈ ખટાણા અને પરેશભાઈ ખટાણાને ઈજા પહોંચી હતી જયારે બાઈક પાછળ બેસેલા ૪૦ વર્ષીય આંબરડી ગામના માલધારી યુવક બાલાભાઈ નાજાભાઈ ખટાણાનું અકસ્માત મૃત્યુ નિપજતા અરેરાટી વ્યાપી ગઈ હતી. વંડા પોલીસ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી ઈજાગ્રસ્તોને વંડા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે પહોંચાડયા હતા.

### અમરેલીથી ઉના તરફ જતી વેળા દુર્ઘટના

## અમરેલી નજીક ગાવડકા માર્ગ ઉપર એસ.ટી. બસ અને ટ્રક વચ્ચે અકસ્માત

**બસ ચાલક સહિત ૩ વ્યકિતને ગંભીર ઈજા**



અમરેલી, તા. ૬

ખાંભાના મિતીયાળા રોડ ઉપર રહેતા અને ઉના ડેપોમાં એસ.ટી. બસમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતાં અકબરભાઈ ભીખુભાઈ સમા આજે સવારના સાડા છ વાગ્યાના સમયે ઉના ડેપોની એસ.ટી. બસ જી.જે.-૧૮-ઝેડ-૬૩૨૦ એસ.ટી. બસ લઈ અમરેલીથી ઉના રૂટ ઉપર અમરેલીથી એસ.ટી. બસમાં પેસેન્જર ભરેલ બસ ચલાવી નીકળેલ હતા અને

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સ્વ. મનુભાઈ કોટડીયા અને સ્વ. ચીમનભાઈ પટેલનાં પરિવારજનોનાં સંબધો યથાવત

## અમરેલી ખાતે હંસાબેન મનુભાઈ કોટડીયાની શુભેચ્છા મુલાકાત લેતા પ્રદેશ કોંગી અગ્રણી સિધ્ધાર્થ પટેલ

**કોંગી અગ્રણી ઠાકરશીભાઈ મેતલીયા, પરેશ ધાનાણી, વિરજી ઠુંમર, પ્રતાપ દુધાત ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાની મુલકાતે આજે પધારેલ પ્રદેશ કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ અને લોકસભા બેઠકનાં ઈન્ચાર્જ સિધ્ધાર્થ પટેલે આજે સ્વ. મનુભાઈ કોટડીયાનાં નિવાસસ્થાને હંસાબેન કોટડીયા અને સુરેશ કોટડીયા સહિતનાં પરિવારજનોની મુલાકાત લઈને સ્વ. મનુભાઈ અને સ્વ. ચીમનભાઈ પટેલનાં સંબધોનાં સંસ્મરણો યાદ કર્યા હતા અને આજે પણ બંને પરિવારો વચ્ચે અતુટ સંબધ યથાવત હોવાનું જોવા મળ્યું હતું.

આ તકે પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, વિરજી ઠુંમર, પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાત ઉપસ્થિત રહ્યા હતા.

### બેન્કના ડીરેકટર પી.પી. સોજીત્રા દ્વારા કાર્યવાહી

## અમરેલી નાગરિક બેન્કનાં ૧૦ ડીફોલ્ટર સામે કોર્ટમાં ફરિયાદ

**બેન્કનાં અન્ય ડીફોલ્ટરમાં ફફડાટ**

અમરેલી, તા. ૬

અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી દ્વારા બેંકની લોનના હપ્તા નિયમિત નહી ભરનાર, (૧) ઈમરાનભાઈ હનીફભાઈ સૈયદ, રૂા. ૨૨,૧૨૯ (૨) કિશોરભાઈ છગનભાઈ હરીયાણી, રૂા. ૧,૩૩,૭૦૬ (૩) મિત કિશોરભાઈ હરીયાણી (૪) નરેશભાઈ પોપટભાઈ વાઘેલા રૂા.૭૬,૭૫૦

**અનુસંધાન પાના ૬ ઉપર**









## ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ પટેલની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ

# નગારે ઘા : અમરેલીમાં કોંગ્રેસ દ્વારા લોકસભાની ચૂંટણીની તૈયારી

**સમગ્ર લોકસભા વિસ્તારમાં બુથ કક્ષાએ સંગઠન બનાવવાની હાંકલ કરાઈ**

**અમરેલી લોકસભા બેઠક ઉપર કોંગ્રેસ પક્ષનો વિજય થવાનો આશાવાદ દર્શાવવામાં આવ્યો**

**ભાજપ સરકાર તમામ મોરચે નિષ્ફળ રહી હોય જનતાને માહિતગાર કરવા હાંકલ કરાઈ**

**પ્રદેશ કોંગી ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, પરેશ ધાનાણી, વિરજી ઠુંમર સહિતનાં આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૬

અમરેલી લોકસભા વિસ્તારના કોંગ્રેસ આગેવાનો સાથે આજરોજ અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પૂર્વ પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ સિદ્ધાર્થભાઈ પટેલ દ્વારા આગામી લોકસભા ચૂંટણી અનુસંધાને મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ઉપપ્રમુખ શ્રીમતિ ગાયત્રીબા વાઘેલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ અંબરીશભાઈ ડેર, પૂર્વ નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, ભાવનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, પૂર્વ ધારાસભ્ય વીરજીભાઈ ઠુંમર, પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલિયા, જિલ્લા પંચાયત અમરેલીના નેતા વિપક્ષ પ્રભાતભાઈ કોઠીવાળ સહિત અમરેલી લોકસભા ક્ષેત્રના તમામ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખો, તમામ સેલફ્રેન્ટલના જિલ્લાના પ્રમુખો તથા તમામ ચૂંટાયેલ તથા ચૂંટણી લડેલા ઉમેદવારો તથા સંગઠનના મહત્વનાં હોદ્દેદારો હાજર રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રીમતિ ગાયત્રીબા વાઘેલાએ અમરેલી લોકસભાની તમામ જિલ્લા પંચાયત સીટમાં મંડળ તથા તાલુકા પંચાયત સીટમાં સેક્ટર તથા શહેરી વિસ્તારમાં પણ વોર્ડ દીઠ સેક્ટરની રચના કરી દરેક મંડળ તથા સેક્ટરના પ્રમુખોની નિમણૂંક કરી 'હાથ સે હાથ જોડો' અભિયાન વૈગવંતું બનાવવા ઉપસ્થિત અગ્રણીઓને માહિતગાર કર્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થભાઈ પટેલે અમરેલી જિલ્લામાં કોંગ્રેસ માટે ઉજળા સંજોગો હોય લોકસભા વિસ્તારના તમામ કોંગ્રેસ અગ્રણીઓના સહિયારા પ્રયાસથી ઉજજવળ પરિણામની આશા વ્યકત કરી હતી. ઉપરાંત અમરેલી લોકસભા વિસ્તારના તમામ આગેવાનોને જિલ્લા પંચાયત સીટ મુજબ સંમેલનનું આયોજન કરવા અને દરેક શહેરી વિસ્તારમાં પણ વોર્ડ દીઠ સંમેલનો કરવા અને દરેક સ્થાનિક અગ્રણીઓને હાલની સરકાર દ્વારા પ્રજાને જે મોંઘવારી અને ભ્રષ્ટાચારનો માર પડી રહ્યો છે તે વાતથી લોકોને અવગત કરાવવા આહવાન કર્યુ હતું.

અમરેલીના તમામ પૂર્વ ધારાસભ્યો દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા કોંગ્રેસ મહામંત્રી જગદીશભાઈ તળાવિયા, જનકભાઈ પંડયા, સંગઠન મંત્રી જગદીશભાઈ પાનસુરીયા, અમરેલીશહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપભાઈપંડયા, અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષભાઈ ભંડેરી, હાથ સે હાથ જોડો કન્વીનર વિપુલભાઈ પોકિયા, પ્રવીણભાઈ કમાણી તથા કાર્યાલય મંત્રી જમાલભાઈ મોગલ દ્વારા કરવામાં આવેલ હતું.

---

### તબીબો અને તબીબી સ્ટાફની જાણકારી બાબતે

## અમરેલીની સિવિલ હોસ્પિટલમાં ફાયર બાબતે જનજાગૃત્તિ કાર્યક્રમ યોજાયો

**ફાયર ફાઈટર ટીમ દ્વારા મોકડ્રીલ યોજાઈ**



અમરેલી, તા. ૬

અમરેલી ખાતે આવેલ સિવિલ હોસ્પિટલના ડોકટર તથા નર્સિંગ સ્ટાફને ફાયર બાબતે અવેરનેસ કરવા માટેનું એક આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બાદમાં ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ટીમ દ્વારા વાસ્તવમાં જો આગ લાગવાની ઘટના બને તો ? ફાયર બ્રિગેડ આવે તે પહેલા આપ દ્વારા ફાયર બ્રિગેડની કઈ રીતે મદદ કરી શકાય ? તથા પ્રાથમિક ધોરણે આગ કેમ ઓલવી શકાય ? તેની માહિતી આપવામાં આવેલ તથા સંપૂર્ણ ટ્રેનીંગ આપવામાં આવી હતી.

પ્રથમ અમરેલી ફાયર કંટ્રોલરૂમમાં ટેલીફોનિક જાણ કરવામાં આવી હતી કે અમરેલી ખાતે આવેલ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે આગ લાગવાની ઘટના બનેલ છે. તેની જાણ થતા ફાયર અને ઈમરજન્સી સર્વિસ અમરેલીની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી ગણતરીના સમયમાં જ આગ પર કાબુ મેળવેલ તથા આ સંપૂર્ણ ઘટનાને સિવિલ હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા મોકડ્રીલ જાહેર કરવામાં આવેલ હતી.

માહિતી તથા સંપૂર્ણ ટ્રેનીંગ આપનાર ફાયર સ્ટાફ હર્ષિલભાઈ પટેલ, દિલીપભાઈ રાઠોડ, સિધ્ધરાજસિંહ ગોહિલ, ધવલભાઈ ચાવડા, ધર્મેશભાઈ, યોગેશભાઈ વગેરેએ મુખ્ય કામગીરી સંભાળી હતી.

---

### બાબરાનાં પર્યાવરણપ્રેમી ગજેન્દ્રભાઈ શેખવાની રજુઆત

## લાઠીનાં પ્રાંત અધિકારીના મનાઈ હુકમનો બાબરા પંથકમાં અનાદર થયો હોય કાર્યવાહી કરો

**અમરેલીના જિલ્લા કલેકટર અને પ્રાંત અધિકારીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૬

બાબરાનાં પર્યાવરણ પ્રેમી ગજેન્દ્રભાઈ શેખવાએ અમરેલીના જિલ્લા કલેકટર અને લાઠીનાં પ્રાંત અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બાબરા તથા લાઠી વિસ્તારમાં હમણાં ઘણા સમય પવન ચક્કી સોલાર વિજ પોલ બાબત અલગ અલગ રજુઆતો ફરિયાદો મળવા પામેલ ન્યુઝ પેપરો દ્વારા લોકો સુધી જાણકારી મળતી હોય છે. અનેક રજુઆતો ધ્યાને લેતા ગત. તા. ૧૬/૯/૨૦૨૩ના રોજ પ્રાંત અધિકારી લાઠી દ્વારા હુકમ કરવામાં આવેલ કે બાબરા તાલુકાના તમામ ગામોમાં જયાં હાલ પવન ચકકીઓ ઈન્સ્ટોલેશન કામગીરી માટે રસતા પહોળા કરવાની કામગીરી / રસ્તા ખુલ્લા કરવાની કામગીરી તેમજ વીજ પોલ ઉભા કરવાની કામગીરી ચાલુ છે. અથવા આવી કામગીરી કરવામાં આવનાર છે. એ કામગીરી કરવા સામે મનાર્થ હુકમ આપવામાં આવેલ હતો.

વધુમાં જણાવેલ ગત તા. ૩/૯/૨૦૨૩ ના રોજ અમોને ખાનગી રાહે હકીકત મળેલ કે બાબરા તાલુકાનાં ગમા પીપળીયા ગામે ઈસાપર જવાનાં રસ્તા તરફ ખોડિયાર માના મંદિર પાસે પવન ચકકી કંપનીના માણસો દ્વારા રસ્તા પહોળા કરવા તથા પવન ચકકી માટે ફાઉન્ડેશન ખાડો ખોદવાની કામગીરી કરવામાં આવતી હતી જે બાબત મેં સૌ પ્રથમ જાણ લાઠી પ્રાંતની ઓફિસ પર લેંન લાઈન નંબર પર કોલ કરી જાણ કરેલ ત્યારબાદ બાબરા મામલતદાર ઓફિસ ખાતે લેન લાઈન ફોન થી તથા મામલતદારને ટેલિફોનિક જાણ કરેલ અને તે સ્થળનાં ફોટાગ્રાફ તથા વિડીયો પ્રાંત અધિકારીના વોટસએપ નંબર ઉપર પણ સેંડ કરેલ તથા બાબરા મામલતદારને પણ સેંડ કરેલ અને એ બાબતની જાણ કરેલ જે સ્થળ ઉપર આજે પણ કામગીરી ચાલુ હોય જે કામગીરી અટકેલ નથી તો ઉપરોકત બાબત ગંભીર હોય જે બાબત અમો પ્રકૃતિ પ્રેમ હોય જીવદયા તથા જાડ/જળ/પશુ/પક્ષીઓ માટે અવાર નવાર આવી રજુઆતો કરતા હોય એ બનાવને ગંભીર ગણી અને કાયદા દાયકાનું ઉલ્લંઘન કરેલ હોય જે બાબતે ધોરણસર કરવું જરૂરી છે.

---

### બાબરા નજીક આવેલ

## ઈંગોરાળા ગામે પ્રેમસબંધમાં ભાગી ગયેલ યુવકની બહેનનું અપહરણ કરી લેવાયું

**ત્રણ ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૬

બાબરા તાલુકાનાં ઈંગોરાળા ગામે રહેતા અને મજુર કામ કરતાં સુનીલભાઈ ગુમાનભાઈ પચાયાના ભાઈ શંકર ૧૦ દિવસ પહેલા ત્યાં કામ કરતી ઈકુબેન સાથે પ્રેમસબંધનાં કારણે બન્ને પોતાની મરજીથી ભટ્ટવદર ગામેથી ભાગી ગયેલ હોય. ત્યારે ઈકુબેનનાં ભાઈ દિલીપભાઈ નિયાજીભાઈ તથા પિત્રાઈ મુકેશભાઈ નાનકાભાઈ મહેડા તથા શીંગલાભાઈ ઉદેલીયાભાઈ ત્રણેય વ્યકિત વાહન લઈ અને યુવકનાં ખેતરે પોતાની બહેન ઈકુબેનને શોધવા આવેલ. પરંતુ આ ઈકુબેન ત્યાં ન હોય જેથી આરોપી સુનીલભાઈની બહેનનું અપહરણ કરી લઈ ગયેલ અને જણાવેલ કે જયાં સુધી પોતાને બહેન પરત નહી સોંપો ત્યાં સુધી તારી બહેન અમારી પાસે રહેશે તેમ ધમકી આપેલ હતી.

---

### સ્થાનિક યુવક મંડળ દ્વારા

## બાબરાની તાલુકા શાળામાં સરસ્વતી માતાનો ફોટો અર્પણ કરાયો

**આચાર્ય દ્વારા આભાર વ્યકત**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરામાં સ્થાનિક યુવક મંડળનાં હરેશભાઈ આખજા, અનિલભાઈ ચૌહાણ, જગદીશ વાવડીયા, લાલભાઈ કૈલા દ્વારા અહી તાલુકા કુમાર પ્રાથમિક શાળામાં સરસ્વતી માતાનો ફોટો અર્પણ કરવામાં આવ્યો હતો.

શાળાનાં આચાર્ય દક્ષાબેન સરવાળીયા અને શિક્ષક વિપુલભાઈ ત્રિવેદી દ્વારા ફોટો સ્વીકાર કરી યુવા મિત્રોનો આભાર વ્યકત કર્યો હતો.

---

### બાબરા નજીક આવેલ

## ખંભાળા ગામે વીજ ચેકીંગમાં ગયેલ નાયબ ઈજનેર સાથે ગાળાગાળી કરી

**ફરજમાં રૂકાવટ કરી ખોટા કેસમાં સંડોવી દેવા ધમકી**

અમરેલી, તા. ૬

બોટાદ ગામે રહેતા અને પીજીવીસીએલમાં નાયબ ઈજનેર તરીક તથા (વીઝીલન્સ)માં ફરજ બજાવતા અશ્વિનભાઈ ગંગારામભાઈ બાગુલ નામના અધિકારી પોતાની ટીમ સાથે બાબરા તાલુકાનાં ખંભાળા ગામે વીજ ચેકીંગમાં ગયેલ હતા. ત્યારે ખંભાળા ગામે રહેતા ઘનશ્યામભાઈ જીણાભાઈ જાવદનાં ઘરમાં કોઈ જ અધિકૃત વીજ કનેકશન ન હોય અને વીજ ટીમ ચેકીંગ કરવા જતાં આરોપી ઘનશ્યામભાઈએ ઉશ્કેરાઈ જઈ વીજ અધિકારીઓ સામે ગાળાગાળી કરી ધકકામુકી કરી માર મારી અને જો વીજ ચેકીંગ કરશો તો મહિલાઓની છેડતી કરવાની ખોટી ફરિયાદ લખાવીશું તેવી ધમકી આપી અને તે ભાગવા જતાં તેમને રોકવા જતાં ઝાપા સાથે મોટર સાયકલ અથડાવી વીજ અધિકારીને ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

### ઈન્દિરા શો–સેન્ટર એસોસીએશને પત્ર પાઠવ્યો

## અમરેલીથી મુંબઈ અને નાથદ્વારા સુધી એસ.ટી. બસ શરૂ કરવા માંગ

**એસ.ટી.નાં ઉચ્ચ અધિકારીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૬

અમરેલીના ઈન્દિરા શો–સેન્ટર એસો.દ્વારા એસ.ટી.નાં ઉચ્ચ અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મુંબઈ તથા નાથદ્વારા અમરેલીથી સીધી સ્લીપર કોચ બસ ચાલુ કરવા બાબતે જાણ કરેલો તેનો જવાબમાં જે અમદાવાદ અથવા રાજકોટથી કનેકશન મળે તેવી યાદી જણાવેલ છે.

જે અમારી માંગણીથી વિપરીત જવાબ મળેલ છે. અમરેલી જિલ્લા કક્ષાનું મથક છે. સરકારની સુચના મુજબ દરેક જિલ્લાને તીર્થ સ્થાનની સગવડતા માટેનો આદેશ છે. અમરેલી શહેર તથા જિલ્લામાં હિન્દુ જનતા, વૈષ્ણવ સમાજનાં છે.તેમને માટે નાથદ્વારા તથા પુષ્કર જવા માટે સરળ તા રહે તથા મુસ્લીમ સમાજનાં સમુદાયને અજમેર જવા માટેની સગવડતા મળી રહે. મોટી ઉમરનાં સીનીયર સીટીઝન અથવા તો લેડીઝ લોકો બાળ–બચ્ચા સાથે જતા હોય ત્યારે અમદાવાદ બસ ચેન્જ કરવામાં ખુબ જ તકલીફ પડે. અમદાવાદ સૌરાષ્ટ્ર તથા ગુજરાતના ઝોન બસ સ્ટેન્ડ પણ અલગ છે. એટલે મુસાફરોને ખુબ જ મોટી સમસ્યા નડે.

અમરેલી જિલ્લામાંથી નવ પ્રાઈવેટ લકઝરી બસ મુંબઈ માટે ઉપડે છે. જેમાં ભાડા વધારા તથા વચ્ચેનાં સ્ટોપમાં ઉતરવા પુરતું ભાડુ ચુકવવું પડે તે ખુબ જ મોંઘુ પડે તેમ છે.

અમરેલીથી મુંબઈ તથા અમરેલીથી નાથદ્વારા આપના માધ્યમથી બસ સેવા ચાલુ કરો તો ટ્રાફિક મળવામાં કોઈ વિચારવાની બાબત નથી અને હાલ નવરાત્રી, દિવાળી તથા સીઝનના દિવસો હોય તુરંત ચાલુ કરવા અંતમાં માંગ કરેલ છે.

---

### ઘર સામે કચરો નાખવા બાબતે

## રાજુલા શહેરમાં ઝગડો થતાં સામસામી મારામારી : હત્યાનાં પ્રયાસની ફરિયાદ

અમરેલી, તા. ૬

રાજુલા ગામે રહેતા ભાવેશભાઈ પ્ર(ાશભાઈ પરમારનાં ઘર સામે આરોપી દક્ષાબેન કચરો નાખતા હોય. જે કચરો દૂર નાખવા માટે બાબતે યુવકે તથા તેમના મમ્મીએ આરોપીને સમજાવતા અને અગાઉ પણ આ બાબતે બોલાચાલી થયેલ. તે વાતનું મનદુઃખ રાખી આરોપી તીર્થભાઈ હર્ષદભાઈ ગોહિલ, હર્ષદભાઈ વિક્રમભાઈ ગોહિલ તથા એક મહેમાન ગાજ્ઞિક તથા દક્ષાબેને ભાવેશભાઈને મારી નાખવાનાં ઈરાદે છરી વડે હુમલો કરી છાતીનાં ભાગે બે ઘા મારી ઈજા કરી તથા તેમના મમ્મીને પણ માર મારી તથા તેમના કાકાને પાઈપ વડે માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો આજ બનાવમાં સામાપક્ષે પણ હર્ષદભાઈ ગોહિલે આરોપી અશોકભાઈ, મનસુખભાઈ પરમાર સહિત ૪ સામે લોખંડનાં પાઈપ વડે તીર્થભાઈ તથા યાજ્ઞિકભાઈને માર મારી ઈજા કર્યાની સામે ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

---

## અમરેલી ખાતે ૧૦ ડીસેમ્બરના રોજ કોળી સમાજ દ્વારા સમુહ લગ્નોત્સવ

અમરેલી, તા. ૬

અમરેલી ખાતે મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા તા. ૧૦/૧૨/૨૦૨૩ ના રોજ તળપદા કોળી સમાજનાં સમુહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સમુહ લગ્નમાં ભાગ લેવા માંગતા વહેલા તે પહેલા નીચે સરનામે નોંધણી ચાલુ છે. પ્રમુખ શ્રીમતી આરતીબેન આર.ગોહિલ, રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર હરીરામ હોલસેલ માર્કેટ, દુ.નં.બી/એફ–૧૩ પહેલો માળ, અમરેલી મો.૯૪૦૯૩ ૧૩૬૪૪ પરશોતમભાઈ મકવાણા મો.૯૪૨૮૭ ૯૮૬૪૭ રમેશભાઈ આર.ડાભી ચિતલ, જિ.અમરેલી મો.૯૧૦૪૪ ૧૯૬૪૧ સંપર્ક કરવા વિનંતી.

## કોરોના મહામારી બાદ યુવાનોમાં હાર્ટએટેકનું પ્રમાણ સતત વધી રહ્યું હોય

# નવરાત્રિમાં ખેલૈયાઓ માટે ડોક્ટર અને એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરો

**અમરેલી જિલ્લા સહિત રાજયભરનાં સગીરો, યુવાનોમાં હાર્ટ એટેકથી મોતનું પ્રમાણ વધી રહ્યું છે**

**આશાસ્પદ યુવાનો ઘડી બે ઘડીમાં મૃત્યુ પામતા હોય રાજય અને કેન્દ્ર સરકારે યુવાનોને બચાવવા માટે યુધ્ધનાં ધોરણે કાર્યવાહી કરવી જોઈએ**

**આગામી દિવસોમાં નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો હોય યુવાનો ધરતી ધ્રુજાવશે તો તકેદારી રાખવી જરૂરી બની**

**રાસ રમતા, જીમમાં કે વોકિંગ, રનીંગ કરતાં અનેક યુવાનો હાર્ટ એટેકનો શિકાર બન્યા હોય સાવચેતી રાખવી જરૂરી**

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં આગામી દિવસોમાં નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થવા જઈ રહ્યો હોય જિલ્લાનાં ખેલૈયાઓ ધરતી ધ્રુજાવાનાં હોય તેવા સમયે પાર્ટી પ્લોટનાં આયોજકોએ રાસ–ગરબાનાં સ્થળે તબીબોની ટીમ એમ્બ્યુલન્સ સાથે તૈનાત કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

કારણ કે કોરોના કાળ બાદ સૌ કોઈ અને તેમાં ખાસ કરીને યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું હોય રાજયમાં ડઝનબંધ યુવાનો હાર્ટ એટેકથી મોતને ભેટી રહ્યા હોય તેવા સમયે સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે.

જો કે આ અંગે અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયા અને શહેર કોંગી પ્રમુખ સંદિપ પંડયાએ પણ સરકાર સમક્ષ રજૂઆત કરી છે.


### ૯૫ વર્ષની જૈફવયે અંતિમ શ્વાસ લીધા

# જિલ્લા ભાજપ ઓબીસી મોરચાનાં મીડિયાના ઈન્ચાર્જ હરેશ ટાંકના પિતાનું અવસાન

**સદ્ગતની અંતિમયાત્રામાં આગેવાનો જોડાયા**

ચલાલા, તા. ૬

મીઠાપુર ( ચલાલા) ના વતની તેમજ કડિયા સમાજ મીઠાપુર ચલાલાનાં અગ્રણી તેમજ જિલ્લા ભાજપ ઓબીસી મોરચાના મીડિયા ઈન્ચાર્જ પત્રકાર હરેશ ટાંકનાં પીતાજી ભીખાભાઈ ટાંકનું ૯૫ વર્ષે અવસાન થયું છે. તેઓનાં સિવિલ ડિફેન્સના કાર્યકાળ દરમ્યાન તેઓએ તે વખતનાં એસપીનાં માર્ગદર્શન નીચે અનેક લુંટારૂ ગેંગ તેમજ ડૂપ્લીકેટ કરન્સી બનાવતી



ગેંગને પકડી પાડી હતી. આ ઉપરાંત તેઓ સારા નિશાનેબાજ અને નિડર સાહસિક સિવિલ ડિફેન્સ પ્લાટુન કમાન્ડર હતા તેમજ પ્રગતિ શિલ ખેડૂત હતા. તેમજ કુદરતી ઉપચાર અને આયુર્વેદનાં હિમાયતી હતા. છેલ્લા કેટલાય વર્ષથી તેઓ તેમનાં માદરે વતન મીઠાપુર ખાતે તેમજ ગીરમાં આવેલ ધન્વંતરિ આયુર્વેદ વાડી પર નિવૃત જીવન વિતાવતા હતા. તેઓને તે વખતનાં એસ.પી. કુમારે સન્માનિત કર્યા હતા. તેઓને મહર્ષિ અરવિંદ પુરાણી એવોર્ડસથી સન્માનવામાં આવ્યાં હતા. તેમનાં કાર્યકાળ દરમ્યાન તેઓ પ્લાટુંન કમાન્ડર હતા તેઓ ગાયોની સેવા તેમજ પક્ષી પ્રેમી હતા અને પર્યાવરણનાં રક્ષક હતા તેમનાં અવસાનથી સમાજે એક દેશભાવનાં સાથે જોડાયેલા નિડર અને સાહસિક સમાજસેવી ગુમાવ્યા છે.તેમનાં નિવાસસ્થાનેથી નીકળેલ તેમની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં કડિયા સમાજનાં આગેવાનો રાજકીય મહાનુભાવો પત્રકારો જોડાયા હતા. અને શોક સ્તપ્ત પરિવારનાં સુરેશભાઈ બી.ટાંક હરેશભાઈ બી. ટાંક, મુકેશભાઈ બી. ટાંક, નરેશભાઈ બી. ટાંક તેમજ પરિવારને સાંતવ્યના પાઠવી હતી.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ કલેકટરને ધગધગતો પત્ર પાઠવ્યો

# અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારમાં ગૌચર જમીનમાં દબાણ કરનાર ભૂમાફિયાઓ વિરૂઘ્ધ કડકમાં કડક કાર્યવાહી કરો

**પશુઓનાં ચરિયાણ માટેની જમીન ઉપર દબાણ દૂર થવું જરૂરી**

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાનાં તમામ ગામડાઓમાં સરકારી ગૌચરની જમીન મોટા માથાઓ ધ્વારા દબાણ કરીને હડફ કરી લેવામાં આવી છે. પરીણામે દરેક ગામનાં માલધારી સમાજના લોકોને પોતાના પશુઓને ચરાવવા માટે મુશ્કેલ બની ગયું છે. ખરેખર તો દરેક ગામડાઓમાં આવી સરકારી ગૌચરની જમીન માત્રને માત્ર ગામના માલધારી સમાજના પશુઓને ચરાવવા માટે જ હોય છે પરંતુ રાજકીય પીઠબળને લીધે આવા મોટા માથાઓ ગામની ગૌચરની જમીન હફ્ડ કરવાની હિંમત કરતા હોય છે. માલધારી સમાજની વેદનાને વાચા આપવા માટે તત્કાલ અમરેલી તાલુકાનાં તમામ ગામડાઓમાં સર્વે કરાવી જે ગામડાઓમાં ગૌચરની જમીન દબાણ હેઠળ હોય તેને તાત્કાલીક ખાલી કરાવી અને જે વ્યકિતઓએ ગૌચરની જમીનનું દબાણ કરેલ હોય તેની સામે ફોજદારી તથા કડકમાં કડક કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# અમરેલીનાં નવા ગીરીયા ગામે જુગાર રમતાં ૭ પત્તાપ્રેમીઓની અટકાયત

**રૂપિયા ૩૦,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરાયો**

અમરેલી, તા. ૬

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે અમરેલી તાલુકાના નવા ગીરીયા ગામે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા સંજય સોમાભાઈ ઈટોળીયા, રહે. બક્ષીપુર, હસમુખ મનસુખભાઈ પંચાળા, રહે. નવા ગીરીયા, સુરેશભાઈ મનસુખભાઈ પંચાળા, રહે. નવા ગીરીયા, હિતેશ દિનેશભાઈ સુચક, રહે. અમરેલી, રસીક ઉર્ફે વિપુલ કાળુભાઈ સોલંકી, રહે. અમરેલી, વિજય રમેશભાઈ પંચાળા, રહે. નવા ગીરીયા, રામજી મધુભાઈ પંચાળા, રહે. નવા ગીરીયા સહિત સાત ઈસમોને જુગાર રમતા રોકડ રકમ રૂા. ૩૦,૨૫૦ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.



મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટ્યુબના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

પિતૃપક્ષનાં શ્રાદ્ધ નિમિતે
મીઠીગુંદી ■ મગીયા લાડુ ■ ચુરમાના લાડુ
મોહનથાળ ■ ગુલાબજાંબુ ■ ટોપરાપાક
સ્પે. ખમણ
હાજરમાં મળશે ખજૂરની ચટણી સાથે...
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પુજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












# વાર્તા–વૈભવ

## ઓન ધ વે

**– કિશનસિંહ પરમાર**



કિશનસિંહ પરમાર

**: પરિચય :**

**લેખક : કિશનસિંહ પરમાર**

ટૂંકીવાર્તા મારા રસનો વિષય છે. એટલે છેલ્લા સાત–આઠ વરસથી આ સાહિત્ય સ્વરૂપમાં પ્રવૃત્ત છું. જુદાજુદા સામયિકોમાં વાર્તાઓ પ્રકાશિત થતી રહી છે એનો આનંદ છે. આ જ સ્વરૂપમાં મેં પી.એચ.ડી. પણ કર્યુ છે. હાલ પ્રાંતિજમાં ઈન્ચાર્જ કેળવણી નિરિક્ષક તરીકે ફરજ બજાવું છું. વતન વકતાપુર, તા. તલોદ, જિ. સાબરકાંઠા.

મો.૯૪૨૮૧ ૦૪૭૦૩, ૮૧૬૦૧૭૮૯૮૪, ઈમેઈલ : kishan sinhp@gmail.com

**ઓન ધ વે :**કોઈએ તીણી ચીસ પાડી હોય એમ ગાડી એકાએક રોડની વચ્ચોવચ આવીને ઉભી રહી ગઈ. ઉભા પગે બેઠેલી તેણે ફટ કરતોક કેડે ખોસેલો સાડલો માથે નાખ્યો. રઘવાયા લાગતા બે જુવાન ગાડીમાંથી નીચે ઉતર્યા. એકના હાથમાં સિગારેટ સળગતી હતી તો બીજાના હાથમાં મોબાઈલ પર કોઈ જાણીતું ગીત વાગતું હતું.

ઘરાકને જોતાં જ તેણે રોડની એક કોરે સફેદ પથરા પર મુકી રાખેલી ટોપલી સામે જોયું : 'આ પા' વળે તો હો રુપિયામાંય બધા આપી દઉ. હવારની બેઠી છું તે કા'ક તો વળે ! 'ના.....ના.....! ઈમ બધા ના આપી દેવાય ! બે દન મગરીઓ ખૂંદી ત્યારે માંડ ટોપલી નીકળ્યા છે....! ને ઈમ મફતના ભાવે થોડા આપી દેવાય ? આજકાલ હો રૂપિયામાં આવે છેય હું ?' 'પણ નઈ આપુ તો...'' મનમાં ઉભરી આવેલા પાછલા વિચારે તેના આખા શરીરને ઝંઝોડી નાખ્યું. દબાઈ ગયેલા ટીમરૂમાંથી બહાર નીકળી ગયેલા ગર્ભ પર બમણતી માંખો ઉડાડી તે એકલા હાથે ટોપલી માથે વાળી લઈ ઉભી થઈ ગઈ.

સડકની બંને બાજુએ ઉભેલાં ઝાડવાં દુર ટેકરી ઉપર દેખાતાં ઝાડવાં કરતા વધારે ઘેરા લાગતાં હતા. સાગ અને ખાખરાની ટોચે દેખાતું વાદળ વગરનું આકાશ તરછોડેલા બાળક જેવું નમાવું લાગતું હતું. ક્ષિતિજ પર આથમતો સુરજ સઘવા સ્ત્રીનાં છુટા પડેલા ચાંદલા જેવો રતુંબડો દેખાતો હતો. ટોપલીમાંથી થોડા ટીમરૂં કાઢી તે એમની પાસે જઈ ઉભી રહી ગઈ. બન્ને જણ કશુંક ફંફોસતા હોય એમ નીચા નમી નમીને ગાડીની ફરતે જોતા હતા.'આનેય અત્યારે જ બગડવાનું સુઝ્યું ? 'સિગારેટનો કસ ભરતો ગાડીની પાછળ ઉભેલો જુવાન બોલ્યો. 'કાલનો બુમો પાડું છું કે ગાડી ચેક કરાવી દે.... પણ તું છે તે 'બીજો ઠપકો આપતો હોય એમ ઘૂરકયો :

''પાર્ટીનો ફોન આવ્યો એટલે તરત નીકળવું પડયું યાર......નહિતર–' ટોપલી લઈને ઉભેલી સ્ત્રી તરફ નજર જતાં આરીફે આગળનું વાકય પડતું મુકી સિગારેટની રાખ ખંખેરી : 'અહી આસપાસ કોઈ ગેરેજ છે ?''પેલી સ્ત્રીએ જવાબ આપ્યા વિના જ હથેળીની આંગળિયો પર ટેકવેલાં ટીમરૂ બતાવ્યાં :

'પાકાં ને દેશી છે સાએબ, લેવાં છે ? પ્રશ્નથી વિપરીત જવાબ સાંભળી કારનાં બોનેટ આગળ ઉભેલો રશ્મિન અકળાયો. 'ટીમરૂની કયાં મા પૈણે છે... અહી કોઈ ગેરેજ છે ? એ કે'ને પે'લા ! ઉંચા અવાજમાં કેશી ઘરબાઈ ગઈ. પછી કળ વળતા એવા જ ગુસ્સાના ભાવ સાથે કહેવા લાગી : 'ગાડી કહોજ' પડી હોય ને તો છેક માણફળો લઈ જવી પડે, સાએબ ! અઈ કઈીઈ હમી કરતું નથી ! હમજયા ?' તેનો ઉફરો જવાબ સાંભળી આરીફે ભવાં ચડાવ્યા. અડધી પીધેલી સિગારેટ બુટ તળે દબાવી : ''માણફણો... અહીંથી કેટલું દુર થાય ?'કેશીએ એને વળતો જવાબ ન આપ્યો. પણ પછી થયું, 'નૈ કઉ તો બચારા અટવાઈ જશે. 'એટલે એ બોલી :

'પાકકું તો નૈ સાએબ, પણ હોળ–હત્તર ગાઉ જેવું તો હશે જ ! 'ઓહ... માય ગોડ ! આટલું બધું દૂર !' ''હા...... સાએબ, આ.....મગરો' વટાવીને હામ્મે ને હામ્મે જાઓ તોય તૈણ કલાક તો પાકકા જ હમજવાના !'

એ સાંભળી આરીફના મનમાં ઉચાટ પેઠો. એ ઉંચોનીચો થવા વળગ્યો. તેને પહાડી વિસ્તારમાં લાકડાની હેરાફેરી કરતા અનવરની વાતો સાંભળી આવી. એ જંગલના આદિવાસીઓ સાથે હરતો ફરતો. કયારેક એમની સાથે રાતો ગાળતો. એ પાછો આવતો ત્યારે મિત્રો આગળ બિહામણી વાતો કરતો. એ કહેતો, 'જો ડુંગરાળ પ્રદેશમાં કસમયે ગાડી બગડે તો સમજી લેવાનું કે તમારા પર કોઈની નજર મંડરાઈ રહી છે. આજેય એ વિસ્તારોમાં સામાન્ય મનુષ્યોની માફક ડાકણો વસે છે. રાની પશુઓ જેમ એય રાતે જ નીકળે છે. અંધારમાં એમની પીળાશ પડતી આંખો જંગલના રસ્તે ચારેકોર ભમે છે. ને જો કોઈ શિકાર દુરથી દેખાઈ જાય તો એ ગમે એ બહાને એની નજીક પહોંચી જાય છે. આવી કોઈ વ્યકિત તમને રાત વખતે એ વિસ્તારોમાં દેખાય તો એનાથી આઘા રહેજો. જો એવું ના કર્યુ તો એ એની લયબદ્ધ મીઠી વાતોમાં તમને પરોવી દેશે. તમે ધીમે ધીમે એના વશમાં આવતા જશો. પછી એ એના ગમતાં સ્થળે તમને લઈ જશે.

તમારી આગતા–સ્વાગતા કરશે. ને રાતે જયારે તમે સૂઈ જશો. ત્યારે એ તમારી નજીક આવી ઉભી રહેશે. તમારી ઉપર ઝુકશે.એના મોઢ ામાંથી નીકળતા ઉના ઉના શ્વાસ તમે અનુભવી શકશો. ઓચિંતી તમારી આંખ ખુલી જશે. તમે બીકનાં માર્યા ઉભા થવા જશો પણ તમારાથી બેઠું થવાશે નહી. તમારી હાજરીમાં એ તમારાં અંગો ખાશે. તમારી છાતી પર બેસી પેટ ભરાઈ જાય ત્યાં સુધી ઘટક ઘટક તમારૂ લોહી પીશે. તમને ઘણી વેદના થશે પણ તમારાથી ચીસેય પડાશે નહી. અનવરનાં શબ્દો દ્રશ્યો બની તેની આગળ પાછળ ભમવા લાગ્યા, તેના શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઈ ગયું. કંપ થોડી વાર સુધી આખા શરીરમાં રહયો. તેણે ઉડો શ્વાસ ખેંચી આંખો ચોળી, 'આવું તે કાંઈ હોતું હશે !' કહીને તેણે માથું ઝાટકી બધું ખંખેરી નાખ્યું. હાથે પહેરેલી રોલેકસ ઘડિયાળ ના ચંદા પર આંગળીઓ ફેરવતા કારમાં પડેલી કાળી થેલી સામે જોયું. ને મોઢા પર મનનો ભાવ ન વર્તાય એટલે જેટલી સ્વાભાવિકતાથી વર્તી શકાય એટલી સ્વાભાવિકતાથી વર્તી એણે કહયું. 'સાત વાગી ગયા છે..... રશ્મિન ! શું કરીશું ?'

પરિસ્થિતિને ગંભીર થતી જોઈ રશ્મિને મોબાઈલ પર લાગતું ગીત એકદમ બંધ કરી દીધું. ડુંગરાળ પ્રદેશમાં અંધારૂં જલદી પડી જાય છે એ તે સારી પેઠે જાણતો હતો. તેના ચહેરાનો રંગ ઉડવા લાગ્યો. તેનો ફિકકો થતો ચહેરો જોઈ આરીફ બોલ્યો : 'એક કામ કર, રશ્મિન ! પાર્ટીને વ્હોટસેપથી લોકશન શેર કરી દે અને કહી દે કે રસ્તામાં કાર બગડી છે એટલે વહેલાં તો નહી અવાય ! તમારે જો અર્જન્ટ જરૂર હોય તો કોઈ માણસને આ લોકેશન પર મોકલી આપો, માલ મળી જશે !' રશ્મિન તેની વાત મનમાં ઘુંટતો રોડથી સહેજ આઘો ખસી મોબાઈલ ઉંચો નીચો કરવા વળ ગ્યો. થોડીવાર આમથી તેમ ફર્યો, પછી કશુંક છીનવાઈ ગયું હોય એમ જોરથી બરાડયો.

''ઓહ... શીટ.... અહી તો નેટવર્કેય નથી આવતું.... કયાં ફસાયા યાર ?'' એ સાંભળતા જ આરીફનાં મનની ધ્રુજારી છેક શરીર સુધી પહોંચી ગઈ. કેશીએ બેઉનાં ઉચાટભર્યા ચહેરા સામું જોયું. ઠંડો પહોર હતો છતાં બંનેનાં કપાળ પર પરસેવો વળતો હતો.

તેણે હાથમાં પકડી રાખેલા ટીમરૂં નિઃસાસો નાખી પાછાં ટોપલીમાં મુકી દીધા. ને 'આપડે તો ભવની ભૂખ... બધાં આગળ ચ્યાં ગાંણા ગઈ એ ? જયમ લખ્યું અશે ઈમ થશે... તાણં ! એમ મન મનાવી તે બેઉને સમજાવતી હોય એમ કહેવા લાગી : **(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**


# બાલ એકસપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## અમરેલીનાં ધાર્મિક સ્થળો

૩૧.પીપળેશ્વર મહાદેવનું મંદિર– પાણી દરવાજા પાસે
૩૨. હઠીલા હનુમાનજી મહારાજનું મંદિર– સવજીપરા, હઠીલા ચોક
૩૩. વેલનાથ મંદિર – બહારપરા, ગાયત્રી મોક્ષધામ પાસે
૩૪. આપા ગીગાની જગ્યા મંદિર–બહારપરા, વસાણી રોડ
૩૫.ટેકનેક હનુમાનજી મંદિર– આઈટીઆઇ સામે
૩૬. સોમનાથ મહાદેવનું મંદિર–જીવાપરા રોડ ઉતરતા
૩૭. શાંતિનાથ દિગંબર જિન મંદિર– કાપડ બજાર, ટાવર પાસે
૩૮.નીલકંઠ મહાદેવનું મંદિર –ચોરાપામાં, કામદાર રૂપાયતન
૩૯.પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય– તપસ્યા ભવન, રેલવે સ્ટેશન પાસે
૪૦.રામજી મંદિર – ચોરાપા, કણબીના ચોરાપા વિસ્તાર
૪૧. મહાલક્ષ્મી માતાજીનું મંદિર – પાણી દરવાજા રોડ
૪૨. પૂ. મહાત્મા મુળદાસ બાપુની રૂપાયતન શાળા પાસે



ચૈતન્ય સમાધી – ટાવર પાસે

૪૩.ખોડિયાર માતાજીનું મંદિર–પાણાખાણ
૪૪.નાગેશ્વર મહાદેવનું મંદિર–હીરામોતી ચોક
૪૫.ભીડભંજન મહાદેવનું મંદિર– નાના બસ સ્ટેન્ડ પાસે, ખાદી ભંડાર સામે
૪૬.પંચમુખી હનુમાનજીનું મંદિર– સરકારવાડા
૪૭. શંભવનાથ જૈન દેરાસર–પાણી દરવાજા રોડ
૪૮.સિધ્ધિ વિનાયક મંદિર– સરકારવાડા
૪૯.ગોપનાથ મહાદેવ મંદિર– પોલીસ હેડકવાર્ટરમાં, ચિતલ રોડ
૫૦.ગાયત્રી શકિતપીઠ–ચિતલ રોડ,
૫૧.નાગદેવતાનું મંદિર – રાજમહેલ કંપાઉન્ડ
૫૨.સાંઈબાબાનું મંદિર–ચિતલ રોડ, દત્ત મંદિર કંપાઉન્ડ
૫૩.રંગ અવધૂતજીનું મંદિર– ચિતલ રોડ
૫૪.દત્ત મંદિર– શ્રી ગુરૂદત્તાતેત્રય ભગવાનનું મંદિર–ચિતલ રોડ
૫૫.લાલાવાવ હનુમાનજી મંદિર– સીતારામ અન્નક્ષેત્ર
૫૬.અક્ષરવાડી સ્વામિનારાયણ મંદિર મંદિર–એસ.ટી. ડીવીઝન સામે
૫૭. રામજી મંદિર– (દિકરાનું ઘર), બ્રાહ્મણ સોસાયટી
૫૮. બ્રહ્મેશ્વર મહાદેવનું મંદિર – બ્રાહ્મણ સોસાયટી
૫૯. ૐ કારેશ્વર મહાદેવનું મંદિર–ૐ નગર, ચિતલ રોડ
૬૦. રામદેવપીરનું મંદિર– ૐ નગર, ચિતલ રોડ

## ભાતીગળ સૌરાષ્ટ્ર

## સુંદર સ્વભાવનો સુંદર સિંહ !

**– પ્રકાશ ડી. કુબાવત**

નંદપુર નામનું સરસ મજાનું નગર હતું. આ નગરમાં મનોરથસિંહ નામનો રાજા રાજય કરતો હતો. આજ તે બહુ ઉદાસ હતો. તેની કુંવરી કુસુમબા ઉમરલાયક થઈ ગયા હતા પણ તેના લગ્ન નકકી થતા ન હતા.

કુસુમબા રૂપરૂપના અંબાર હતા અને કુસુમ જેવા કોમળ પણ હતા. તેને પરણવા માટે દેશવિદેશના રાજકુમારો આવતા પણ બધાની ઈચ્છા મનની મનમાં જ રહી જતી. મનોરથસિંહની નજર કોઈ રાજકુમાર ઉપર સ્થિર થતી જ નહી.

જે કોઈ રાજકુમાર કુસુમબાને જોવા આવે તેની સાથે રાજાનો મંત્રી બે દિવસ ફરતો. પછી રાજાને કહેતો કે, 'તે રાજકુમાર કુંવરીબા માટે યોગ્ય નથી. આવું બે–ત્રણ વર્ષથી ચાલતું હતું.

આજે સુંદરપુરનો રાજકુમાર આવ્યો હતો. જોઈને જ રાજાને તે તરત ગમી ગયો. શુરવીર પણ લાગ્યો.રાજાએ મંત્રીને આદેશ આપ્યો કે, ''સુંદરસિંહને બે દિવસ આપણું રાજય બતાવો.''''જેવી આજ્ઞા, બોલી મંત્રી સુંદરસિંહને ફરવા લઈ ગયો.સૌપ્રથમ તેઓ જંગલબાજુ ફરવા ગયા. ગાઢ ઘટાદાર જંગલ જોઈને સુંદરસિંહ તો આભો જ બની ગયો. ત્યાં એક સિંહ ઓચિંતો આવ્યો અને ગાય ઉપર હુમલો કરી દીધો.


સુંદરસિંહે તરત જ સિંહ ઉપર બાણોની વર્ષા કરી અને ગાયને બચાવી લીધી. તે બોલ્યો, ''મારા દેખતા કોઈ ગાયને મારી નાખે એ શકય જ નથી.''

મંત્રી તેના પરાક્રમથી બહુ ખુશ થયો. આગળ જતા એક સરોવર આવ્યું. સુંદરસિંહે અને મંત્રીએ સરોવરનું પાણી પીધું. ત્યાં તો તેને એક હરણાનાં બચ્ચાને કાદવમાં ખુપેલું જોયું. તે તેને બચાવવા કાદવમાં જવા તૈયાર થયો.

ત્યાં મંત્રી બોલ્યો, 'આ તો નાનું હરણનું બચ્ચુ છે. જો તમે તેને બચાવશો તો તમારા કપડા પણ ખરાબ થઈ જશે. તમે તો રાજકુમાર છો. એટલું તો વિચારો !''

તરત સુંદરસિંહ બોલ્યો, ''ગમે તે પ્રાણી હોય, દરેકમાં જીવ હોય છે. જેટલો જીવવાનો અધિકાર આપણે છે તેટલો જ અધિકાર દરેક પ્રાણીઓને છે. દરેકમાં જીવ સરખો જ હોય છે.

મંત્રી તો તેની વિચારસરણીથી ખુબ જ ખુશ થઈ ગયો.હવે તે નગર તરફ પાછા ફરતા હતા. ત્યાં જ ગામની ભાગોળે એક માજી પાણીનું માટલું ભરીને કુવાકાંઠે બેઠા હતા. ઘણી વખત બેઠા પણ માટલું ચડાવવા વાળુ કોઈ મળતું ન હતું. ત્યાં જ આ રાજકુમાર અને મંત્રીને આવતા જોયા. માજીની નજર પરથી જ રાજકુમાર સમજી ગયો કે માજીને માટલું ઉપાડવું છે પણ માટલાને માથે



કોઈ ચડાવનાર નથી. આથી માજી બોલે તે પહેલા જ ત્યાં પહોંચી ગયો અને માજીને માથે માટલું ચડાવી દીધું. તેને પગે પણ લાગ્યો.

માજી પણ આશીર્વાદ આપતા કહે કે, 'ભગવાન તને દીર્ઘાયું કરે એન તેને સુંદરમાં સુંદર કન્યા મળ `.''

હવે તેઓ મહેલમાં પાછા ફર્યા. રાજકુમાર માટે રાત્રે રાજાએ રંગમહેલમાં નાચગાનનો કાર્યક્રમ રાખ્યો. અપ્સરા જેવી રૂપાંગનાઓ વિવિધ નૃત્ય કરી રહી હતી.

થોડોક સમય થયો ત્યાં બધાને મંદિરા પીરસવામાં આવી. રાજકુમારને જયારે મદિરા પીરસવામાં આવી ત્યારે તેને કહયું. 'ક્ષમા કરજો મહારાજ' હું કયારેય મદિરાપાન કરતો નથી. હૂકો ધરવામાં આવ્યો ત્યારે પણ તેને સવિનય તેનો અનાદાર કર્યો.

હજુ તો રાત્રીનાં દસેક વાગ્યા હશે ત્યાં સુંદરસિંહે કહયું, 'ક્ષમા કરજો મહારાજ ! હું બહુ ઉજાગરા કરતો નથી. રાત્રિના દસેક વાગ્યાની આસપાસ સુઈ જાઉ છું. જેથી સવારે વહેલા ઉઠી શકાય. અને રાજકારણમાં ધ્યાન આપી શકાય''

સુંદરસિંહની વાતથી રાજા ખુબ પ્રભાવિત થયા. તેને લાગ્યું કે, ''કુસુમબા માટે જેવા રાજકુમાર મે ઈચ્છા કરી હતી તે આજે પુરી થતી હોય તેવું લાગે છે. છતાં સવારે મંત્રી જે કહે તે પરથી તેના સદગુણ જાણી આગળનો નિર્ણય કરીશ.


સવારે મંત્રીએ આવીને મનોરથસિંહને કહયું 'તમને ખુબ ખુબ અભિનંદન આપણે જેવા રાજકુમારની તલાશ હતી તેવો જ રાજકુમાર આ સુંદરસિંહ છે.

બીજા રાજકુમાર તો કોઈ એક કસોટીમાં પાસ થતા. કોઈ બે કસોટીમાં પાસ થતા તો કોઈ સાવ ફેલ જ જતા. આ રાજકુમાર આપણી બધી કસોટીમાંથી પાર ઉતર્યા છે.

તેને ગાયને બચાવી. હરણના બચ્ચાને કાદવમાંથી બહાર કાઢયું વૃદ્ધાને પાણીનો ઘડો માથે ચડાવ્યો. આમ તે આપણી બધી કસોટીમાં પાર ઉતર્યો છે.

તે વીર છે, પરોપકારી છે, દયાળુ છે અને વળી તેને કંઈ વ્યસન પણ નથી. આથી તે આપણી કુસુમબા માટે સર્વથા યોગ્ય છે.

મનોરથસિંહને હવે કુસુમબા માટે યોગ્ય રાજકુમાર મળી ગયો.



**બાલમિત્રો,**


હમણાં તો તમારા પગ ધરતીને ધમધમાવતા હશે, શા માટે ખબર છે ? માઁ નાં તોરતા આવે છે ને ? પ્રેકટીસ કરતા હશો. ગરબ લેવાના કલાસમાં શીખવા જતા હશો. વળી થતું હશે કે કયારે નોરતા આવે, બસ આવ્યા જ સમજો ને ! આ શ્રાદ્ધપર્વ ચાલે છે. સરસ એય મજાના દિવસો હોય છે. રોજ ઘરમાં કે કયાંક પડોશમાં, સગાવાલાને ત્યાં શ્રાદ્ધ હોય એટલે જવાનું જ હોય, શ્રાદ્ધ એટલે શ્રદ્ધા. શ્રદ્ધાથી કરેલી પૂજા કે જમાડવાનું પુણ્ય અનેરૂ હોય છે તમે પણ ઘણી વખત જમી આવ્યા હશો ખરું ને ?

શ્રાદ્ધ પુરા થશે ને માઁ ના નોરતા શરૂ થશે. તમે થનગની રહયા હશો પણ મારે તમને બીજી વાત કરવાની છે. તમારી છ માસિક પરીક્ષા આવે છે એ યાદ તો છે ને ? ભૂલી તો નથી ગયાં ને ? ગરબા રમવાની ના નથી. આનંદ કરવાના દિવસ છે. જરૂર આનંદ કરવો જોઇએ, પણ પરીક્ષા ભૂલાવી ન જોઇએ. જો ભૂલી જશો તેના તરફ આંખ આડા કાન કરશો તો નાપાસ થવાનો વારો આવશે. જે તમને કે તમારા માતાપિતાને ગમશે નહિ. એટલે બાળમિત્રો, ખુબ ધ્યાને અત્યારે વાંચી લેવાનું, લેખન કરી લેવાનું, પછી ચિંતા નહી, આટલુ યાદ રાખીને કરશો ને ?

## ઇંગ્લેન્ડમાં

**સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે**

**– બાલગંગાધર તિલક**



એક વિદ્યાર્થીએ એમને પૂછયું, ''આપ એકાએક આટલા નરમ કેમ પડી ગયા ?'' તિલકે જવાબ આપ્યો, ''અનુભવે મને શીખવાડયું છે કે ખુદ શકિત સ્વશાસનથી પ્રાપ્ત થશે.''

ઈંગ્લેન્ડમાં લિબરલ દળના નેતાઓએ ભારતીય સ્વતંત્રતાનું સમર્થન કર્યુ હતુ. તિલકે ઈંગ્લેન્ડમાં રહીને ભારત અને સ્વશાસનનો અવાજ ધારદાર રીતે ઉઠાવ્યો. તેર મહિના પછી તેઓ ભારત પાછા ફર્યા.

**શિરોલનો મુકદમો**

લંડનમાં શિરોલના મુકદમાની સુનાવણી જસ્ટિસ ડાર્લિંગની અધ્યક્ષતામાં એક વિશેષ જયુરી સમક્ષ થઈ. સરકારે શિરોલને પુરેપુરી મદદ કરી હતી. ''બોમ્બે ક્રોનિકલ'' એ તો સરકારનો પક્ષપાત છતો કરી દીધો હતો પરંતુ આ તો અંગ્રેજોનો આંધળો કાનૂન હતો. અંગ્રેજ સરકારે શિરોલને પૂરેપૂરી સહાય કરી પરંતુ તિલકને મામૂલી સુવિધા આપવા પણ તૈયાર નહોતી.

એક મહિના પછી ફેંકસલો શિરોલની તરફેણમાં સંભળાવાયો અને અતિલકને દંડ ભરવો પડયો. આખો દેશ આ આશ્ચર્યજનક મુકદમાથી હચમચી ગયો હતો. સરકારી પક્ષપાત વલણનું આ ખુલ્લુ દ્રષ્ટાંત હતુ. મુંબઈની એક જાહેરસભામાં તિલકની પ્રશંસા કરાઇ અને 'તિલક ભંડોળ' ખોલવાની ઘોષણા કરાઇ. ગાંધીજીએ આ સભામાં જણાવ્યું હતુ કે માત્ર ધનિકો જ મુકદમા જીતી શકે છે. 'તિલક ભંડોળ'માં ફાળો આપવો એ રાષ્ટ્રીય કર્તવ્ય બની ગયું હતુ. તિલક ભારત પાછળ ફર્યા ત્યાં સુધીમાં એમાં ૩ લાખ રૂપિયા જમા થઇ ચૂકયા હતા. આ તિલકની લોકપ્રિયતાનું પ્રમાણ હતુ.

**કાળો કાનૂન**

યુદ્ધ સમાપ્ત થતાં જ અંગ્રેજો પોતે આપેલ આશ્વાસનોથી ફરી ગયા. દેશમાં જન આંદોલન દબાવી દેવા રોલેટ એકટ લાગુ કરવામાં આવ્યો. આ આંદોલનનું નેતૃત્વ ગાંધીજી પોતે કરી રહ્યા હતા. અંગ્રેજ સરકાર પોતાનું દમનચક્ર પણ તેજીથી ચલાવી રહી હતી. પંજાબમાં સરકારના અત્યાચાર બધી સીમાઓ પાર કરી ગયા.

અમૃતસરમાં બિભત્સ એવો જલિયાવાલા હત્યાંકાડ થઇ ગયો. એની વિરૂધ્ધ દેશભરમાં હડતાલ ચાલતી હતી. મોટી સંખ્યામાં સ્ત્રીઓ અને પુરૂષોને ગિરફતાર કરવામાં આવ્યા હતા. તિલક આ દિવસોમાં લંડનમાં હતા. મનમાં ને મનમાં જ આ આંદોલનમાં સામે ના થવા બદલ તેઓ ખિન્ન પણ હતા. લંડનમાં જ એમણે જલિયાવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં યોજાયેલી સભાઓમાં ભાગ લીધો. તિલકને સીધો વિરોધ પસંદ હતો. કહેવાતા સુધારાઓથી તેઓ તંગ આવી ચૂકયા હતા. ૧૯૮૧ માં તિલક કોંગ્રેસના અધ્યક્ષ ચૂંટાયા હતા. પરંતુ એ વેળા તેઓ લંડનમાં હોવાને કારણે પંડિત મદનમોહન માલવીયાને અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.

૧. મહાત્મા ગાંધીના આદેશ પર સમગ્ર દેશમાં રોલેટ એકટનો વિરોધ કરાઇ રહયો હતો ત્યારે જલિયાવાલા હત્યાકાંડ થયો. ભારતના અન્ય નગરોની જેમ જ અમૃતસરમાં પણ વિરોધમાં જલિયાવાલા બાગમાં જાહેરસભા યોજાઇ. આ મેદાન ચારે બાજુ ઉંચી દિવાલોથી ઘેરાયેલું હતુ. બહાર આવવા–જવાનો મુખ્ય રસ્તો એક જ હતો. સભામાં લગભગ ૧૦,૦૦૦ માણસો ભેગા થયા હતા. હજી તો સભા શરૂ થઇ હતી કે જનરલ ડાયર પોતાના સશસ્ત્ર સિપાઇઓ સાથે ત્યાં પહોંચ્યો અને આઠ મીટરના અંતરેથી ભારે ભીડ પર કોઇ ચેતવણી આપ્યા વગર ગોળીઓ ચલાવવાની શરૂ કરી. ભયગ્રસ્ત જનતા દરવાજા તરફ ભાગી તો ત્યાંથી પણ ગોળીઓ ચલાવવામાં આવી. જનતા ત્યાં એટલી ખરાબ રીતે ફસાઇ ગઇ હતી કે જેમ 'ઉંદર પાંજરામાં ફાસાયા હોય.' કુલ ૧૬૫૦ રાઉન્ડ છોડવામાં આવ્યા. જયારે ગોળીઓ ખલાસ થઇ ગઈ ત્યારે ડાયર એ જયાએથી ખસ્યો. સરકારી આંકડા અનુસાર ૩૭૯ માણસો મરી ગયા અને ૧૨૦૦ કરતાં વધુ ઘાયલ થયા.

## હસવાની મનાઇ છે

**મગજ... અટકે છે...**

શિક્ષક : અદિતિ, માનવીનું મગજ કેવી રીતે કામ કરે છે ?

અદિતિ : સર, માનવીનું મગજ અદ્ભૂત ચીજ છે. તે જન્મથી જ કામ કરવા માંડે છે. પરંતુ માનવી નેતા બનીને જાહેરમાં બોલવા જાય ત્યારે જ ગોટે ચડે છે.

**ન્યાય**


ખૂન આરોપીએ જ કર્યુ હતુ. એણે પોતાના વકીલને સચિંત સ્વરે પૂછયું, ''તમને લાગે છે કે, મને ન્યાય મળશે ?'' ''મને નથી લાગતુ કે યોગ્ય ન્યાય મળે.'' વકીલે કહયું. ''આ ન્યાયાધીશ ફાંસીની સજાના વિરોધી છે.''

**...તો વહેલી ગાડી મળશે**

એક જુવાન પોતાને ગામથી થોડે દૂર આવેલા રેલ્વે સ્ટેશને સવારની ગાડી પકડવા માટે દોડતો હતો. વાહનની કોઈ સગવડ નહોતી અને મોડા પડવાની ચિંતા હતી. એટલે વચ્ચે આવતા ખેતરમાં ઉભેલા ખેડૂતને પૂછયું, ''મારે સવારના સાતની ગાડી પકડવી છે. તમારા ખેતરમાં થઈને ટૂંકો રસ્તો લઉ ?'' ખેડૂતો કહયું, ''મને વાંધો નથી. જરૂર જાવ. સમયસર પહોંચી જશો. અને જો મારા બળ દિયાઓએ તમને જોઇ લીધા તો તો સાડા છ વાગ્યાની ગાડી પણ પકડી પકાશે.''

## બીડી પીનારાઓનાં હાલ

બીડી પીનેવાલાને કમાલ કર દિયા,
પડોશી કા બિસ્તર જલા કે ઘર દિયા,
ગંદગી પસંદ હો તો જરદા ખાના સીખ લે.
ભીખ ગર માંગી નહીં તો બીડી પીના સીખ લે
બીડી પીનેકી મિત્રો ! આદત જબ પડ જાયેગી.
ના હોને પર માંગતે જરા શર્મ નહીં આયેગી.
માંગને સે મરના ભલા યહ એક સચ્ચ લેખા હૈ,
કિતને લખપતિયો કો માચીસબીડી માંગતે દેખા હૈ,
એક ભાઈ તો ઐસે હૈ જો બિના નસે કે જીતે હૈ,
પર કઈ ભાઈ દેખો તો પાખાને




મે બીડી પીતે હૈ,
બીડી પીને સે ભી હમને દેખા ધન્ધા ખોટા હૈ,
સિગારેટ પીનેવાલો પે માસીચ કા દેખા ટોટા હૈ,

તાજ પનામાં કેવન્ડર પીતે હૈ કઈ સાલો સે,
વો માસીચ માંગતે રહેતે હૈ યું બીડી પીનેવાલોસે,
કહ દો અપને બચ્ચોસે ના બીડી કા શૌક લગાયે,
યે પઢે – લિખે પૈસે વાલોંસે ભી બીડી ભીખ મંગાયે,
ઈન સબસે જયાદા મજા યાર દેખો અફીમ કે ખાને મે,
દો દો ઘંટે મૌજ ઉડાવે બૈઠે રહે પાખાને મેં.
પરેશાન હોના પડતા ઘરસે બાહાર જાને મે,
લગી થૂકને ચુલ્હે મેં ઔરત ભી જરદા ખાનેસે

## સંકલ્પ નિયમન માટે સિદ્ધસાધનાઓ

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**(ગયા અંકનું ચાલુ)**

જણાશે. હવે તે અભ્યાસને છોડી શકશે નહિ. જો ધ્યાનથી સાધનાને તે એક દિવસને માટે પણ છોડી દો તો હવે તેને લાગશે કે તે દિવસે તેણે કંઈક ગુમાવ્યું છે અને તેનું મન તદ્દન બેચેન બની જશે.

**૧૦ અનિષ્ટ વિચારો દૂર કરવા માટે શ્રેષ્ઠ ઉપાયો :–**

જયારે મન શૂન્ય હોય છે. ત્યારે હલકા વિચારો અંદર પ્રવેશ કરવાનો પ્રયાસ કરે છે. મોહને કામથી ભરેલા દુષ્ટ વિચારો એ જ વ્યભિચારની શરૂઆત છે. કામસકત દ્રષ્ટિથી જ હૃદયમાં વ્યભિચારની શરૂઆત થઈ ચુકી સમજવી. 'માનસિક કર્મ એ જ સાચાં કર્મ છે.''

આ વતને દૃઢ રીતે યાદ રાખો ! ઈશ્વર મનુષ્યની કિંમત તેની ભાવનાં અનુસાર કરે છે, ત્યારે સંસારી મનુષ્યો માત્ર તેના બહારના કાર્યોની કિંમત આંકે છે માટે હંમેશા મનુષ્યની ભાવના તરફ જુઓ – આથી તમે કદી ભૂલ ખાશો નહિ.

મનને સદા કામમાં રત રાખો. આથી પાપમય વિચારો અંદર દાખલ થઈ શકશે નહિ. આળસુ મન એ સેતાનનું કારખાનું છે. દરેક ક્ષણે મન પર ચોકી બેસાડો.

હંમેશા તમારી જાતને કોઈને કોઈ કાર્યમાં લીન રાખો.

જેમકે સીવવું, વાસણ માંજવા, ઝાડુ કાઢવું, પાણી ભરવું, વાંચવું, ધ્યાન ધરવું, માળા ફેરવવી, ભજન ગાવાં, પ્રાર્થના કરવી, વડીલો કે ગુરૂઓની સેવા કરવી, માંદાની ચાકરી કરવી વગેરે અસંબદ્ધ વાતચીત કે ગપ્પાથી દુર રહો. મનને હંમેશા ગીતા, ઉપનિષદ, યોગવાસિષ્ટ, વગેરેનાં ઉદાત્ત વિચારોથી ભરો.

**૧૧ વિચારોનું નિયમિત શાસન :**

મન એ તોફાની ભૂતડા જેવું છે તે કુદકાં મારતા વાંદરા જેવું છે. માટે જ રોજ તેને શિસ્ત ને શાસનમાં રાખવાની જરૂર છે. આથી જ તે ધીમે ધીમે વશ થઈ શકે.

તમારા મનને રોજ ક્રિયાત્મક કવાયત આપવામાં આવે તો જ તેમાં પ્રવેશ કરતા ખરાબ સંકલ્પોને અટકાવી શકાય, ને જે સંકલ્પો કે ક્રિયાઓનું જોર જામ્યુ ન હોય તેને ઈચ્છા પ્રમાણે ફેરવી શકાય.

મનને નિયમિત રીતે શિસ્તમાં રાખી કવાયત આપવાથી જ તમે સારા સંકલ્પો ને ક્રિયાઓને ઉતેજિત કરી શકશો અને એક વખત ઉત્પન્ન થયા બાદ તેમને લાંબા સમય સુધી રાખી શકશો. **(ક્રમશઃ)**

## બાળવાર્તા : કૂતરો અને ગધેડો



એક નાના ગામમાં એક કુંભાર રહેતો હતો. તેની પાસે ભાર ખેંચવા માટે એક ગધેડો હતો તેમજ તેના ઘરની ચોકી કરવા તેમજ તેના માટલા વગેરે સાચવવા એક કૂતરો હતો. જયારે પણ કુંભાર બહારથી આવે ત્યારે કૂતરો પગ ઉંચા કરીને માલિકને વહાલ કરે, માલિક પણ તેને પંપાળતો અને ખાવા આપતો.


ગધેડો રોજ આ બધું જોયા કરતો, તેને થતુ, ઓહ.. આ કૂતરાને કેવી લ્હેર છે... એતો આમતેમ આટા મારે છે, અજાણ્યાને જોઈને ભસે છે આટલુ જ તેનું કામ આમ છતાં માલિક તેને કેટલું વ્હાલ કરે છે ! જયારે મને હું આટલી મજુરી કરુ છું તો મને તો મારે છે અને વધ્યું–ઘટયું ખાવાનું આપે છે.

બીજે દિવસે ગધેડાએ કૂતરાની જેમ વર્તન કરતાવનું નકકી કર્યુ. તે પણ આમતેમ ફરવા લાગ્યો અને અજાણ્યાને જોઈને ઘરવા લાગ્યો. સાંજે જયારે માલિક આવ્યો. ત્યારે એની તરફ જોઈને એણે હોંચી... હોંચી... કર્યુ, દોડીને માલિક પાસે ગયો, પોતાના આગલા પગ ઉંચા કરીને એ માલિકને વળગવા ગયો. માલિક તો ચિડાઈ ગયો.એક લાકડી લઈને તેને ગધેડાને બરાબર ઢીબી નાખ્યો...


**– ડાંગર જાન્વી નરેશભાઈ**
**(ધો.૫–બી, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.)**

## ઉખાણા

(૧) એવું કયું પક્ષી છે જેનો અંગ્રેજીમાં મતલબ વધારે થાય
**– મોર**



(૨) એક બીજાથી અલગ રહે પરંતુ એક ખોવાય તો બીજો કામ ન આવે
**– તાળુ અને ચાવી**



(૩) એવી કઈ વસ્તુ જે પતિ પોતાની પત્નીને આપી શકે પરંતુ પત્ની પોતાનાં પતિને નહી ?
**– અટક**



(૪) શરૂઆત માં તે લીલુ રહે પછી તે પીળુ થઈ જાય છોકરા હોય કે મોટા બધા મજાથી ખાય ?
**– કેરી**




**– રાઠોડ નિરાલી હિતેશભાઈ (ધો.૫, શાળા રૂપાયતન, અમરેલી)**

## આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧૭૧–કનૈયાને રોજ જમાડો. કનૈયો કોઈ વખત થોડું આરોગશે તો બેડો પાર થઈ જશે.

૧૭૨– છેક છેલ્લા શ્વાસ સુધી નિત્ય કર્મ થાય તેનું પ્રયાણ કહેવાય. મલીન અવસ્થામાં હાય હાય કરતા શરીર છોડે તેનું મરણ થયું એમ કહેવાય.

૧૭૩–શુદ્ધ આચાર હોય તો શુદ્ધ વિચાર થઈ શકે છે.

૧૭૪–ગાયની સેવા ખુબ કરવી.

૧૭૫–જેને ભગવાને સંપત્તિ આપી હોય તે ગાય રાખે

૧૭૬– એકાદશીએ અન્ન ન ખવાય.

૧૭૭–આચાર વિચાર શુદ્ધ હોય તો કલિ તમારામાં પ્રવેશી શકે નહી.

૧૭૮–અસત્ય બોલે છે તેના પૂણ્યનો ક્ષય થાય છે.

૧૭૯–હિતભાષી, મીતભાષી હોય તે સત્યવાદી બની શકે છે.

૧૮૦–લૂલી માંગે તે લૂલીને આપશો નહી.

## જ્ઞાનમંજરી

(૯૧) મોઢેરાનુ સૂર્યમંદિર કોના સમયમાં બંધાયુ હતુ ?
– ભીમદેવ પહેલો.

(૯૨) ડભોઈના પ્રખ્યાત કિલ્લાના સ્થપતિ તરીકે કોનું નામ જાણીતું છે ? – હીરાધર

(૯૩) ધોળકાનું ઈતિહાસ પ્રસિદ્ધ મલાવ તળાવ કોણે બંધાવ્યું હતું.
– મીનળદેવીએ

(૯૪) સિદ્ધરાજ જયસિંહે બંધાવેલ રુદ્ર–મહાલય (પાટણ)નો મૂળ ભાવ કોના સમયમાં બંધાયો હતો ? – મૂળરાજ સોલંકી.

(૯૫) સહસ્ત્રલિંગ સરોવર કોણે બંધાવ્યું હતુ ? – સિદ્ધરાજ જયસિંહે

(૯૬) સિદ્ધરાજ જયસિંહે સહસ્ત્રલિંગ તળાવના કાંઠે કર્યુ મંદિર બંધાવ્યું હતુ ? – દશાવતાર મંદિર.

(૯૭) સિદ્ધરાજ જયસિંહે કઈ નદીના કિનારે રૂદ્રમહાલય બંધાવ્યો હતો ? – સરસ્વતી.

(૯૮) વસ્તુપાળ–તેજપાળ નામે મંત્રીઓ કઈ જ્ઞાતિના હતા ?
– પોરવાડ વણિક.

(૯૯) 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' નામે વ્યાકરણ ગ્રંથના રચયિતા હેમચંદ્રાચાર્યને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
– કોલકાલ અર્વજ્ઞ

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### સરવાળે સાંબેલુ !

અગાઉના જમાનામાં ગામડામાં ઘર વપરાશનાં હાથવગા સાધનો ''બાયું'ને કસરત સાથે બોધ પણ આપતા. (આજનાં જમાનામાં નવા સાધનો 'મેડમો'ને શું આપે છે ?) દા.ત.હાથઘંટી હાથ અને કમરની કસરત કરાવતી અને કહેતી : સંસારની ઘંટીમાં બધા દાણા (જીવ) લોટ થઈ જાય, પણ (પરમાત્માનો) ખૂંટો પકડી રાખે તે ''આખા' રહે ! સુપડું સુચવતું – 'સારૂં સંઘરો, નઠારૂ કાઢો !' ચાળણી કહેતી – સારૂં છે તેને ગાળી, કચરો કાઢો ! સાવરણી સંકેત કરતી : 'અંતરનો ઓડરો પણ વિચાર સાવરણીથી ચોખ્ખો રાખો. 'શહેરી વાવાઝોડામાં ખોવાઈ ગયેલા ગામડાની આ ચીજવસ્તુઓ કયાં ? સાંબેલું સુપરમોલમાં વેચાતુ મળે ?

## નિબંધ : મારો પ્રવાસ

અમે સાઈન્સ સીટી ગયા હતા. અમે ખુબ મજા કરી હતી. ખુબ ગીતો ગાયા હતા. અમે અડધી રો્ ગયા હતા. અમે ખુબ મોજ કરી હતી. અમે અમદાવાદ ગાય હતા. અમારે સ્કુલે થી બસ મા જવાનુ હતું. અમે સાઈન્સ સી.ટી. ૩ વાગ્યે ગયા હતા. અને ત્યાં ૧૦ વાગ્યે પહોંચ્યા હતા.


ત્યાં ખુબ જ સુંદર પૃથ્વી હતી. પૃથ્વીની અંદર ત્યાર માળ હતા. મોટા મોટા વિશાળ વિશાળ ત્યાં ખુબ પ્રવૃતી કરાવી હતી. અને ત્યાં હોટલ, સાઈકલ, મોટી મોટી મોટર વગેરે જોવા મળ્યું ત્યાં અમને ભુંકપનો અનુભવ કરાવ્યો હતો. ત્યાં રોબોટનાં કલાસ હતા. એક રોબોટ વિશાળ સ્વાગત ગીત સાથે ડાન્સ કરતો હતો. ત્યાં બગીચા સ્વીમીંગ પુલ બધુ જ હતું. ત્યાં અમને ઘણી જાતની માછલીઓ બતાવી જળ બિલાડી બતાવી મોટી મોટી ડોલફિન ટીવીમાં બતાવી જાત–જાતના શંખ ઝાડ વગેરે બતાવ્યું અમે થ્રીડી પિચ્ચર જોયું હતું.

ત્યાં સાયન્સ સીટી માં સાયન્સ નું બધુ જ શીખવ્યું અને અમને પ્રયોગ પણ કરાવ્યાં બધુ જ શીખડાવ્યુ હતું અને અમને ધન્યવાદ પણ કર્યા હતા. પછી અમે ત્યાં અમને ઘણી બધી છોકરીઓ ફ્રેન્ડ થઈ હતી વાંદરાઓ હતા.અમને ત્યાં ખુબ મજા આવી હતી. ખુબ મોજ પણ કરી હતી. સાંજે ફરતી વખતે હોટલમાં શાક રોટલી ખાધી હતી. પછી અમે બસ સુઈ ગયા.

**– ચૌહાણ જાનકી વિઠલભાઈ**
**(ધો.૭, શાળા : જેશીંગપરા કન્યા શાળા, અમરેલી)**

## વાર્તા : નવતર યોજનાનો ફિયાસ્કો





એકવાર જંગલના રાજા નવરાજ તેમના પ્રધાન ગલબા શિયાળ સાથે ગુફાની બહાર બેઠા હતા ત્યાં ગલબો કહે, ''મહારાજ, એક નવો તુકકો મને સૂઝ્યો છે, કહું ?''

''કહે ને ? મને પણ ખબર પડે કે મારો પ્રધાન કેટલો ડાહ્યો છે !''

''મહારાજ, એકવાર હું જંગલની બહાર ગયેલો. ત્યાં મેં ઘણા માણસોને જતા જોયેલા. એ સૌ રંગબેરંગી કપડામાં સરસ લાગતા હતા. એ જોઈ મને વિચાર આવે છે કે જંગલના પ્રાણીઓ જો કપડા પહેરે તો કેવા સરસ લાગે ?''

''વાહ ! આઈડિયા સારો છે. પણ એ માટે શું કરવું પડે ?''

''પ્રથમ તો આપણા મંત્રીમંડળની બેઠક બોલાવવી પડે.''

ને બીજે દિવસે મંત્રીમંડળની બેઠક મળી. એ બેઠકમાં વનું વાંદરો, સની સસલો, હમ્પુ હાથી અને વીકુ વાઘ હાજર રહયા. વનરાજના આદેશથી ગલબાએ કપડાંવાળી વાત સૌને કહી.

સની સસલો કહે, ''મહારાજ, વિચાર નવો છે. પરંતુ જંગલના ઘણા બધા પ્રાણીઓ માટે આટલા બધા કપડા લાવવા કયાંથી ? મહારાજને વિનંતી છે કે ઉતાવળે કોઈ હુકમ ના કરે.''

અન્ય પ્રાણીઓએ પણ સસલાની વાતને ટેકો આપ્યો. એટલે વનરાજને ગલબો વિચારમાં પડી ગયા. આ જોઈ હમ્પુ હાથી બોલ્યો, ''વનરાજ, એક કામ કરીએ. સૌ પ્રથમ અમુક–તમુક પ્રાણીઓની એક–બે જોડ તૈયાર કરી પહેરાવીએ. પછી એ કેવું રહે છે એ જોઈએ. જો મજા પડશે તો ધીરેધીરે સૌને કપડા પહેરવાની ફરજ પાડીશું.''

હમ્પુ હાથીની સમજણભરી વાત સૌને ગળે ઉતરી ગઈ. પછી વાત આવી કાપડા લાવવાની ને એ સીવવા આપવાની. અંતે એવું નકકી થયુ કે સની સસલો અને હમ્પુ હાથી બજારમાં જશે. ત્યાંથી જરૂરી કાપડ ખરીદી લાવશે. તે પછી વનુ વાંદરો ગામમાં જઈ કોઈ દરજીને સમજાવી–પટાવીને લઈ આવશે.

બીજે દિવસે હાથીને સસલો બજારમાં ગયા ને કાપડ લઈ આવ્યા. ત્રીજે દિવસે વનુ વાંદરો નજીકના ગામમાં ગયો અને દલપત દરજીને લઈ આવ્યો. વનરાજે દરજીને કપડા સીવવાની વાત કરી. દરજી કહે, ''વનરાજ, સીવી દઈશ. પણ એ માટે મારે સીવણ મશીનને ગજ, કાતર ને સોય એ બધું લેવા ઘરે પાછા જવું પડશે. ને મશીન હું ઉંચકી નહીં શકું.''

વનરાજે દરજી સાથે વનુ વાંદરાને અને હમ્પુ હાથીને મોકલ્યા. ત્રીજે દિવસે દરજી સામાન સાથે આવી ગયો.

ચોથા દિવસે નકકી થયું કે સૌ પ્રથમ દરેક પ્રાણીઓના એક એક જોડ કપડા તૈયાર કરવા. દરેક પ્રાણીને બોલાવી માપ લેવામાં આવ્યું. હાથીનું માપ લેવામાં દરજીની મીટરપટ્ટીય નાની પડી ! છતાં વાંદરાની મદદથી માપ લેવાયું.

પાંચમાં દિવસે કાપડને વેતરવાનું કામ શરૂ થયું. દરજી કેવી રીતે કામ કરે છે તે સૌ પ્રાણીએ તેનાથી થોડે દૂર વર્તુળમાં બેસી કુતૂહલથી જોતા હતા.

છઠ્ઠા દિવસે કપડા સીવવાનું કામ શરૂ થયુ. મશીનનો ફરરર... સરરર... અવાજ થતો ને કપડું સરસર ચાલતું. આ જોઈ સૌ રાજી થતા હતા.

સીવવાનું કામ સાતમાં, આઠમાં, નવમાં ને દશમાં દિવસેય ચાલુ રહયું. અગિયારમાં દિવસે દરેય જોડ સીવાઈને તૈયાર થઈ ગઈ. વનરાજે દરજીએ કપડા બતાવ્યા.

બારમાં દિવસે ફરી મંત્રીમંડળની મિટિંગ મળી અને એ કપડા કેવા થયા છે તે જોવાનું તેમજ ચકાસવાનું શરૂ થયું. દસે પ્રાણીઓ ઉપરાંત અન્ય પ્રાણીઓ પણ તે જોવા એકઠા થયા. ગલબો કહે, ''કપડા તૈયાર થઈ ગયા છે. હવે વારાફરતી પહેરીને ચેક કરી લઈએ. પ્રથમ સસલાભૈ આવશે.''

સસલા પાસે દરજીએ ઝભલુ મુકયું. પણ સસલો જાતે પહેરી ન શકયો. દરજીએ તેને પહેરાવવું પડયું. પછી તેના બટન બંધ કર્યા. આ જોઈ સસલાએ પૂછયું. : ''આ શું કરો છો ?''

''બટન બંધ કરું છું.'' ''પણ શા માટે ?'' એ વગર તમારુ ઝભલુ લબડી પડશે ને તમને કૂદકા મારતાંય નહિ ફાવે.'' સસલાને વાત સાચી લાગી. પણ રોજેરોજ આ બટન બંધ કરવાનું ને ખોલવાનું કામ કરશે કોણ ? આ તો તકલીફ વાળુ કામ છે. સસલાને મનમાં પ્રશ્ન થયો.

એ પછી હાથીને આગળ બોલાવ્યો. એને ડ્રેસ બહુ વજનદાર હતો. ત્રણ–ચાર જણે પકડી રાખ્યો ત્યારે માંડ માંડ એને પહેરાવી શકાયો. પણ સૂંઢને કાણામાંથી બહાર કાઢવામાં તો ભારે મુસીબત થઈને હસાહસ પણ થઈ !

તો વળી વાઘના ડ્રેમાં તો એનાથીય વધારે રમૂજ થઈ. પૂંછડીને ય દરજીએ સીવી હતી એટલે એ ભાગમાં પરાણે પૂછડું ગયું. વળી પગમાં ઢંકાઈ ગયા એટલે વાઘ તરાપ મારી શિકાર કેવી રીતે કરશે એ એને ન સમજાયું.

વનરાજ બેઠા બેઠા આ બધો ખેલ જોતા હતા. ગલબો વચ્ચે વચ્ચે ડહાપણ કરતો હતો. વનરાજને થયું કે સની અને હમ્પુની વાત સાચી હતી. પ્રાણીઓને વળી કપડા કેવા ? આ જુઓને તકલીફનો કોઈ પાર નથી. ત્યાં ગલબો કહે, ''મહારાજ, તમે પણ ડ્રેસ ચેક તો કરી જુઓ.'' ને ત્યાં વનરાજ ગુસ્સે થયા. ગલબો દૂર સલામત સ્થળ જઈ ઉભો રહયો.

વનરાજે ત્રાડ પાડી કહયું, ''આ તમાશો બંધ કરો.'' કોઈએ કપડા પહેરવાના નથી.''

આ સાંભળીને સની અને હમ્પુ સામસામે જોઈ મૂછમાં મલકાયા. ગલબો નીચી મૂંડી કરી ઉભો રહી ગયો.

આમ એક નવતર યોજનાનો ફિયાસ્કો થયો !

## આ મારું ચિત્ર છે




**ધોરાજીયા તસ્વી ગૌતમભાઈ**
**(ધો.૭–શ્રી સણોસરા પ્રાઈમરી સ્કૂલ)**



**ધોરાજીયા તસ્વી ગૌતમભાઈ**
**(ધો.૭–શ્રી સણોસરા પ્રાઈમરી સ્કૂલ)**



**ચૌહાણ સુહાની જગદીશભાઈ**
**(ધો.૬–ઓકસફર્ડ સાયન્સ સ્કૂલ–અમરેલી)**



**દેવમુરારી પૂર્વ સુમનકુમાર**
**(ધો.૩–પાઠક સ્કૂલ, અમરેલી)**

# નાના માચીયાળા ખાતે વનરાજભાઈ કોઠીવાળનાં આંગણે કેન્દ્રીય મંત્રી રૂપાલા



અમરેલીના નાના માચીયાળા ખાતે ભાજપ અગ્રણી વનરાજભાઈ કોઠીવાળનાં આંગણે સામાજિક પ્રસંગમાં કેન્દ્રીય મંત્રી રૂપાલા, નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા, સાસંદ કાછડીયા સહિતનાં આગેવાનો તેમજ અન્ય આગેવાનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અંતે અમરેલીનાં એરપોર્ટ માર્ગની

રહ્યાં. અમરેલીનાં જનપ્રતિનિધિઓ અન્ય વિકાસકાર્યોમાં વ્યસ્ત હોવાથી જિલ્લાનાં પ્રાણસમા પ્રશ્નોનાં નિરાકરણ ''અમરેલી એકસપ્રેસ'' બે દાયકાથી લડત ચલાવી રહ્યું છે અને આગામી વર્ષોમાં પણ લડત ચલાવીને જનતાને પ્રતિ લીટર પેટ્રોલ–ડીઝલ પર ચુકવાતા રૂપિયા ૫૦નું વળતર મળે તેમજ અન્ય ખરીદી મારફત સરકારની તિજોરીમાં જમા થતાં નાણાથી સુવિધા મળે તે માટે પ્રયત્નશીલ રહેશે.

## પાના ૮ ઉપરનું ચાલું લીલીયા ખાતે આધાર–પુરાવા કે બિલ વગર

વેલકમ મોબાઈલ, અમી મોબાઈલ નામની મોબાઈલની દુકાનોમાં બિલ વગરના મોબાઈલ ફોનનું વેચાણ કરે છે. તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા ભદ્રેશભાઈ રમેશભાઈ ભાલાળા રહે. કીકાણી પ્લોટ લીલીયા, ચીરાગભાઈ જયંતીભાઈ ગજેરા, રહે. ગોઢાવદર, હિતેષભાઈ ભીખાભાઈ લુણાગરીયા રહે. કીકાણી પ્લોટ લીલીયાવાળા ત્રણ ઈસમોને બિલ વગરના મોબાઈલ અલગ–અલગ કંપનીનાં એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૭૩, કિંમત રૂા. ૨,૪૪,૩૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી વધુ તપાસ અર્થે લીલીય પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી નજીક ગાવડકા માર્ગ ઉપર

સવારના આશરે પોણા સાતેક વાગ્યે અમરેલી નજીક ગાવડકા રોડ પર શિવમ્ પેટ્રોલ પંપ પાસે પહોંચતા સામેથી એક ટ્રક પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી આવતા ચાલકે રોંગ સાઈડમાં ચલાવી આવતો હોય. જેથી બસ ચાલકે બ્રેક મારી અને અકસ્માત ન થાય તેથી આ બસ જમણી બાજુ વાળી લીધેલ અને અને બસ ઊભી રાખી દીધેલ તેમ છતાં આ ટ્રક નજીક આવી એસ.ટી. બસની ડાબી બાજુના ભાગે ટ્રક ભટકાઈ ટ્રક પલટી મારી ગયેલ હતો. આ ટ્રક અથડાતા બસ ચાલકને ડાબા પગ પોંચામાં તથા માથામાં તથા હાથમાં મુંઢ ઈજા થયેલ અને બસમાં બેઠેલ મુસાફરોમાંથી કૈલાશબેન અજીતભાઈ સોલંકી તથા ચેતનકુમાર મનસુખલાલ ગાદેસા (રહે. અમરેલી) વાળાને પણ શરીરે મુંઢ ઈજા થયેલ. ત્યારબાદ મુસાફરોમાંથી કોઈએ ૧૦૮ને ફોન કરી બોલાવી લેતા ૧૦૮ આવી જતાં અમે ત્રણેય અહિં અમરેલી સિવિલમાં સારવારમાં આવી દાખલ થયેલ હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી નાગરિક બેન્કનાં

(૫) ઈન્દુબેન નરેશભાઈ વાઘેલા રૂા.૭૧,૨૩૦ નો (૬) પ્રકાશભાઈ પ્રવિણભાઈ લાખાણી રૂા.૪,૩૭,૧૮૧ નો (૭) કિરીટભાઈ હસમુખભાઈ રાઠોડ રૂા.૬૮,૮૧૭ નો (૮) દિપકભાઈ ગોરધનભાઈ ડાભી રૂા.૯૮,૫૯૪ નો (૯) મનોજભાઈ ખોડાભાઈ દુધાત રૂા.૨,૦૦,૦૦૦ નો (૧૦) તેજસભાઈ જગદીશભાઈ લેઉવા રૂા.૬૦,૪૬૮ નો ચેક રીટર્ન થતા ચીફ કોર્ટમાં ફરિયાદ નોંધાવતા અન્ય હપ્તા કે વ્યાજ ભરવા કે સી.સી.રીન્યું કરવામાં ઠાગાઠૈયા કરનાર લોન બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે.

બેંકની રીકવરીની કામગીરી અંગે દેખરેખ રાખનાર ડિરેકટર પી.પી.સોજીત્રાની યાદી જણાવે છે કે હજુ પણ ટુંક સમયમાં એવા સી.સી. ધારકો કે જેઓ લાંબા સમયથી સી.સી. રીન્યુ કરાવતા ન હોય કે વ્યાજ અને સ્ટોક પત્રક નિયમિત આપતા ન હોય તેઓની સામે કોઈપણની શેહશરમ વગર વસુલાત અંગેનાં સખ્ત પગલા ભરવામાં આવશે જેની લોન બાકીદારો, ડીફોલ્ટરોએ નોંધ લેવી.

### ચકકરગઢ–દેવળીયા ગામેથી ભુલી પડી ગયા બાદ

# અમરેલી તાલુકાના ગોખરવાળા ગામની બાળાનું પરિવાર સાથે મિલન કરાવાયું

### તાલુકા પોલીસ દ્વારા પ્રશંસનીય કામગીરી

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામે એક સગીર વયની બાળા મળી આવેલ છે જે બાળા પોતાના વાલીવારસનું નામ – ઠામ કે સરનામું જણાવી શકતી નથી એ રીતેની ટેલીફોનીક વર્ધી મળતા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન SHE-Team સ્ટાફના માણસો તાત્કાલીક ઘટના સ્થળે પહોંચેલ અને આ સગીર બાળાને અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનખાતે લાવી ચા – નાસ્તો કરાવીને તેનુ નામ – ઠામ તેમજ પોતે કયાની હોવાનુ પૂછતાં સગીર બાળાએ પોતાનું નામ પુજા જણાવેલ હતું. બાદ CCTV કેમેરા તેમજ ટેકનીકલ તથા હ્યુમન સોર્સના માધ્યમથી તપાસ કરતા આ સગીર બાળા અમરેલી તાલુકાના ચક્કરગઢ – દેવળીયા ગામે મજુરી અર્થે આવેલ આવેલ પરપ્રાંતીય મજુરોના પરીવારનું હોવાનું જણાય આવેલ જેથી દેવળીયા ગામે જઈ પ્રપ્રાંતીય મજુરોની પુછપરછ કરતા મુળ મધ્ય પ્રદેશના અને હાલ દેવળીયા ગામે હુસેનભાઈ ઘાચીની વાડીએ રહી મજુરી કામ કરતા મુન્નાભાઈ માનસીંગભાઈ ભુરીયાનાઓ જેના વાલી વારસ હોવાનું જાણવા મળેલ,જેથી આ મુન્નાભાઈ ભુરીયાનાઓને આ ગુમ થયેલ સગીર બાળાને તેના પરત સોંપી આપી SHE-Team અમરેલી તાલુકા પોલીસ દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી હદય સ્પર્શી કામગીરી કરવામાં આવેલ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

# મિતીયાળા ગામે બકરા ચરાવવાનાં મનદુઃખે પશુપાલક ઉપર ધારીયાથી હુમલો

### સામે પક્ષે પણ બનાવમાં સામી ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૬

સાવરકુંડલા તાલુકાનાં સાકરપરા ગામે રહેતા અને પશુ ચરાવવાનો ધંધો કરતાં રાજુભાઈ નાથાભાઈ ગોહિલ (પડસરીયા) નામના ૫૦ વર્ષિય આધેડ તથા તેમનો ભત્રીજો પરેશભાઈ રાણાભાઈ ગોહિલ બકરા ચરાવવા ગયેલ ત્યારે સાવરકુંડલા તાલુકાનાં મિતીયાળા ગામે રહેતા અહમદભાઈ અલારખભાઈ જોખીયા તથા અશરફભાઈ અહમદભાઈ જોખીયા ત્યાં આવી અહી બકરા લઈને કેમ આવ્યો છે ? તેમ કહી બોલાચાલી કરી આરોપીઓએ કુહાડી તથા ધારીયાનો ઘા આધેડને માથામાં મારી તથા કાકાને બચાવવા ભત્રીજો વચ્ચે પડતા તેમને પણ ગંભીર ઈજાઓ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો આ બનાવમાં સામા પક્ષે અશરફભાઈ જોખીયાએ પણ સામાવાળા રાજુભાઈ તથા પરેશભાઈ સામે કુહાડી વડે માથાના ભાગે તથા ભત્રીજાએ પણ કુહાડીની મુંઘરાટી વડે માર મારી ગંભીર ઈજાઓ કર્યાની સામી ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

### રમત–ગમત અને યુવા વિભાગ દ્વારા થયું આયોજન

# અમરેલી જિલ્લાના અસ્થિ વિષયક દિવ્યાંગો માટે ખાસ ખેલ મહાકુંભ ફોર્મ ભરાશે

### આગામી ૧૫ ઓકટોમ્બર સુધી ફોર્મ ભરવા અનુરોધ

અમરેલી, તા. ૬


રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગુજરાત સરકાર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સમગ્ર ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં સ્પેશય ખેલમહાકુભ –૨૩–૨૩ નું પેરા સ્પોર્ટસ એસોસીએશન ઓફ ગુજરાત અમદાવાદના માર્ગદર્શન તળે આયોજન કરવામાં આવેલ છે.

જે મુજબ અમરેલી જિલ્લાનાં શારીરીક અસ્થિવિષય (ઓએચ) દિવ્યાંગ વ્યકિતઓ માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભ – ૨૩–૨૩ માં વિવિધ રમતોની સ્પર્ધાઓનું જિલ્લા કક્ષાનાં સ્પેશ્યલ ખેલમહાકુંભ–૨૩–૨૩ માં ફોર્મ ભરી સહભાગી થાય તે માટે અમરેલી જિલ્લાનાં શારીરિક અસ્થિવિષય (ઓએચ) દિવ્યાંગએ ખેલ મહાકુંભ–૨૩–૨૩ માં ભાગ લેવા ઈચ્છતા તમામ દિવ્યાંગ (ઓએચ) એ તમામ ડોકયુમેન્ટ અર્થે ફોર્મ ભરી જવા પેરાસ્પોર્ટસ એસોસીએશન અમરેલી કે અપંગ માનસ સેવા અમરેલી ખેલ મહાકુંભના જિલ્લા પ્રતિનિધી બિપીન ત્રિવેદી, મોબાઈલ નં.૮૭૩૪૯ ૮૫૮૩૪/૯૪૨૬ ૮૫૨૮૪૩ ઉપર સંપર્ક કરી તા.૧૫/૧૦/૨૦૨૩ સુધીમાં ફોર્મ ભરી હોંચી મેળવી લેવા વિનંતી.

## અવસાન નોંધ

**અમરેલી :** નયનાબેન ભુપતભાઈ જોષી (ઉ.વ. ૭૨) તે સ્વ. નવલશંકરભાઈ વ્યાસ (બગસરા)નાં દીકરી, ભાયલાલભાઈ જોષીના પુત્રવધુ, ભુપતભાઈ ભાયલાલભાઈ જોષીના ધર્મપત્નિ તેમજ ઉમંગભાઈ, આનંદભાઈ અને અમીબેનના માતુશ્રી તેમજ હિતેશભાઈ (અમી મેડીકલ)નાં ભાભીનું તા. ૫/૧૦ ગુરૂવારનાં રોજ અવાસન થયેલ છે. સદગતનું બેસણું તા. ૭/૧૦ શનિવારના રોજ દરબાર ચોક, યોગેશ્વર નગર, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી ખાતે સાંજે ૪ થી ૬ સધી રાખેલ છે.


## ॥ બેસણું ॥



**સ્વ. અ.સૌ. નયનાબેન ભૂપતભાઈ જોષી (ઉ.વ.૭૨)**

નું તા. ૦૫–૧૦–૨૦૨૩ ને ગુરૂવારનાં રોજ અવસાન થયેલ છે.

**–: સદ્દગતનું બેસણું (આજે) :–**

તારીખ : ૦૭–૧૦–૨૦૨૩ ને શનિવારનાં રોજ

સમય : સાંજના ૪:૦૦ થી ૬:૦૦ કલાક સુધી

સ્થળ : યોગેશ્વરનગર, દરબાર ચોક, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી મુકામે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

લી. : ■ ભાયલાલ અમૃતલાલ જોષી ■ ભૂપતભાઈ ભાઈલાલ જોષી ■ ઉમંગ ભૂપતભાઈ જોષી ■ આનંદ ભૂપતભાઈ જોષી ■ હિતેપ ભાઈલાલ જોષી ■ હિતેષકુમાર બકુલભાઈ સાદરાણી

મો. ૯૪૨૭૨ ૩૦૫૦૬ / ૭૮૭૪૯ ૦૧૮૫૪



## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **લતાબેન જીજ્ઞેશભાઈ ત્રિવેદી** રહે. માંગવાપાળવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી પ્રમુખસ્વામી નગર
રે. સર્વે.નં. ૧૧૭ પૈકી સીટી સર્વે નં. NA ૧૧૭/૪ બીનખેતી ૫/૪/૧
બીનખેતી સબ પ્લોટ નં. ૪/૧ જેના ચો.મી. ૫૫–૬૫
રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર : ૪૬૦૫/૨૦૨૩ રજી. તારીખ : ૨૩/૦૮/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) વિપુલભાઈ દકુભાઈ મકવાણા (૨) આશિષભાઈ દકુભાઈ મકવાણા પાસેથી ઉપરોકત વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત ચંદુભાઈ લક્ષ્મણાભાઈ ભોરણીયા પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૪૫૬૭/૨૦૧૮ તા. ૧૭/૧૧/૨૦૨૮નાં રોજ ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત જીવરાજભાઈ મોહનભાઈ રોકડ પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૮૫૯/૨૦૧૩ તા. ૩૧/૦૫/૨૦૧૩નાં રોજ ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત મણીબેન રામજીભાઈ પદમાણીનાં કુલમુખત્યાર સંજયભાઈ રામજીભાઈ પટેલ પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૯૪૧/૨૦૦૩ તા. ૧૯/૦૮/૨૦૦૩ નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૩૦/૦૭/૨૦૦૩નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ–૩ (ત્રણ)માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૬/૧૦/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
એડવોકેટ



## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર કુલદીપ વિ. ભટ્ટ (એડવોકેટ) તે અમારા અસીલશ્રી **(૧) શીયાણી હરીભાઈ વાઘજીભાઈ (૨) શીયાણી રળીયાતબેન હરીભાઈ (૩) શીયાણી જગદીશભાઈ હરીભાઈ (૩) શીયાણી કિશોરભાઈ હરીભાઈ તમામ રે. ચરખા તા. બાબરા** ની સુચના અનુસાર લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટિસથી જાણ / તાકીદ કરૂ છું કે,

અમારા અસીલશ્રી અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે–ચરખા ગામે ખેતીની જમીન ખાતા નં. ૧૩૭૮ રે.સ.નં. ૨૯૬ જેના હે.૫–૫૪–૪૨ ચો.મી. વાળી જમીન સંયુકત નામે ધરાવે છે. આ ખેતીની જમીનનું વેચાણ કરવા અમોએ સંયુકત રીતે (૧) અરવિંદભાઈ શંભુભાઈ પાઘરા (૨) શંભુભાઈ મોહનભાઈ પાઘરા બન્ને રે. રાજસમઢીયાળા તા.જિ. રાજકોટ વાળા સાથે સોદો નકકી કરેલ, અને આ અંગેનું કાચુ બાનાખત તા. ૩૦/૦૭/૨૦૨૩ ના રોજ કરેલ હતુ અને બાનાની રકમ અમારા અસીલશ્રીઓએ સ્વીકારેલ હતી, પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે આ સોદો રદ થયેલ છે, અને અમારા અસીલશ્રી સોદો રદ કરી બાનાની રકમ અમારા અસીલશ્રીએ પરત સોંપી દીધેલ છે. અને બાનાખત રદ અંગેનો કાચો કરાર આજરોજ બન્ને પક્ષકારોએ રાજીખુશીથી કરેલ છે. આમ તા. ૩૦/૦૭/૨૦૨૩ ના રોજ થયેલ બાનાખતનો આજરોજ શાંતિપૂર્ણ અંત આવેલ છે.

તેમજ તા. ૩૧/૦૭/૨૦૨૩ ના રોજ વકીલશ્રી હાર્દિક પી. પટેલ સાહેબ દ્વારા ''અકિલા'' દૈનિક સમાચાર પત્રમાં વહેવાર અંગેની જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેલ છે, તા. ૩૧/૦૭/૨૦૨૩ ના રોજ ''અકિલા'' દૈનિક સમાચારમાં પ્રસિધ્ધ થયેલ માં જણાવેલ વ્યવહાર આ નોટિસથી અમારા અસીલશ્રીઓ રદ જાહેર કરે છે. અને અમારા અસીલશ્રીએ આ મિલ્કત સબંધે અમારી પાસે એન.ઓ.સી. / ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત)માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામા પર રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી. અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તા. ૦૭/૧૦/૨૦૨૩

બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
(એડવોકેટ)


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૧૦ |
| ૨ | મગ | ૧૬૩૦ | ૨૧૦૦ |
| ૩ | અડદ | ૧૫૭૫ | ૧૮૨૫ |
| ૪ | ઘઉં | ૪૪૧ | ૪૯૯ |
| ૫ | ચણા | ૯૭૫ | ૧૦૪૫ |
| ૬ | બાજરો | ૩૪૦ | ૪૧૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૧૦ | ૧૩૬૬ |
| ૨ | શિંગ મોટી | ૯૬૫ | ૧૪૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૯૦ | ૧૫૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૩૩૦ |
| ૫ | તલ કાળા | ૨૬૫૦ | ૩૩૧૬ |
| ૬ | બાજરો | ૩૩૦ | ૩૭૭ |
| ૭ | જુવાર | ૩૬૦ | ૧૦૫૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૪૪ | ૫૭૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૨૬ | ૫૪૪ |
| ૧૦ | મગ | ૧૩૬૧ | ૨૦૦૦ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૭૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૨૨૬ |
| ૧૩ | તુવેર | ૮૦૦ | ૨૦૮૦ |
| ૧૪ | કપાસ | ૯૮૫ | ૧૫૫૩ |
| ૧૫ | એરંડા | ૮૦૦ | ૧૧૮૦ |
| ૧૬ | ધાણા | ૧૨૦૦ | ૧૩૭૨ |
| ૧૭ | સોયાબીન | ૭૮૦ | ૮૮૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૭૫ | ૧૬૨૫ |
| ૨ | ચણા | ૧૦૧૧ | ૧૦૧૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૨૧ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૨૨૬ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૪૪૦ |
| ૫ | કપાસ | ૧૨૫૦ | ૧૫૨૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૯૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૫ |
| ૮ | બાજરો | ૩૪૫ | ૪૦૦ |
| ૯ | મકાઈ | ૬૧૧ | – |
| ૧૦ | અડદ | ૧૪૦૦ | ૧૭૬૧ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૨૧૬ |
| ૧૨ | સોયાબીન | ૭૦૦ | ૮૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૬ | ૧૫૬૦ |
| ૨ | મગફળી | ૮૨૬ | ૧૩૦૦ |
| ૩ | ઘઉં | ૫૨૦ | ૫૩૫ |
| ૪ | તુવેર | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ૫ | અડદ | ૧૭૬૧ | ૧૭૬૧ |
| ૬ | સોયાબીન | ૭૩૦ | ૭૭૫ |
| ૭ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૨૦ |
| ૨ | ચણા | ૧૦૫૨ | ૧૧૨૬ |
| ૩ | અડદ | ૧૫૦૦ | ૧૬૯૦ |
| ૪ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૫ | સોયાબીન | ૭૬૯ | ૮૧૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૯ | ૫૬૬ |
| ૭ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૧૨૫ |
| ૮ | લસણ | ૨૫૪ | ૨૫૪ |
| ૯ | ધાણા | ૮૦૦ | ૯૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૨ | તલ સફેદ | ૨૫૩૦ | ૩૨૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૪ | બાજરો | ૩૮૦ | ૪૩૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૬૦૧ |
| ૬ | જુવાર | ૭૫૦ | ૧૧૩૬ |
| ૭ | ચોળી | ૧૪૦૨ | ૧૪૦૨ |
| ૮ | મેથી | ૧૫૩૧ | ૧૫૩૧ |
| ૯ | અડદ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૧૦ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ૧૨ | સોયાબીન | ૮૦૩ | ૮૦૩ |

### જિલ્લા કલેક્ટર અજય દહિયાનાં અધ્યક્ષસ્થાને

# અમરેલીનાં જિલ્લા સેવા સદન ખાતે ખેલ મહાકુંભના રજીસ્ટ્રેશન અંગે બેઠક યોજાઈ

### વધુમા વધુ ખેલાડીઓને ભાગ લે તે માટે અધિકારીઓને સુચના અપાઈ

અમરેલી, તા.૬

જિલ્લા સેવા સદન અમરેલી ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાનાં અધ્યક્ષસ્થાને ખેલ મહાકુંભ ૨.૦ રજીસ્ટ્રેશનને લઈને બેઠક યોજાઈ હતી. ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત અમરેલી જિલ્લાને રજીસ્ટ્રેશને લઈ કુલ ૧ લાખ ૮૦ હજારથી વધુનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે.



આ લક્ષ્યાંક પુર્ણ થાય અને જિલ્લામાંથી વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે તે માટે જિલ્લા કલેક્ટર અજય દહિયાએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. ખેલ મહાકુંભ ૨.૦નું ઓનલાઈન રજીસ્ટ્રેશન વેબસાઈટ https://khelmahakumbh. gujarat. gov.in પર તા.૨૩/૦૯/૨૦૨૩ થી શરૂ કરવામાં આવ્યું છે. રજીસ્ટ્રેશન માટે અંતિમ તા.૧૮/૧૦/૨૦૨૩ છે. અં–૯, અં–૧૧, અં–૧૪ અને અં–૧૭ ગૃપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે શાળામાંથી રજીસ્ટ્રેશન કરવાનું ફરજિયાત છે. ઉપરાંત કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓ ઓનલાઈન અથવા કોલેજ મારફત રજીસ્ટ્રેશન કરી શકશે. અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ પણ પોતાનાં ગામ, શહેરની શાળા અથવા હાઈસ્કુલમાંથી અથવા ખેલ મહાકુંભ માટેની વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન કરાવી શકે છે. જિલ્લા કક્ષાએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર કચેરીએથી પણ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ રમત સ્પર્ધામાં ૯ વર્ષથી નીચે, ૧૧ વર્ષથી નીચે, ૧૪ વર્ષથી નીચે, ૧૭ વર્ષથી નીચે, ઓપન એજ ગૃપ,૪૦ વર્ષથી ઉપર ૬૦ વર્ષથી ઉપરનાં વયજુથ નકકી કરવામાં આવ્યા છે. જેમાં વિવિધ રમતો વયજુથ મુજબ યોજાશે ઉપરાંત વયજુથ મુજબની વિવિધ રમત સ્પર્ધાઓમાં ખેલાડીઓ ભાગ લઈ શકે છે. ખેલ મહાકુંભ ૨.૦ રજીસ્ટ્રેશનને યોજાયેલ બેઠકમાં નિવાસી અધિક કલેકટર વાળા, ડીવાઈએસપી ભંડેરી, જિલ્લા રમત વિકાસ અધિકારી પુનમબેન ફુમકીયા, જિલ્લા રમત ગમત અધિકારી કુરેશી સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ટ્રાફિક સુરક્ષા અંગે સેમિનાર યોજાયો





અમરેલી, તા.૬

અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સાયબર ટ્રાફિક સુરક્ષા અંગે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી.

આજ રોજ ટ્રાફિક પોલીસ બ્રાંચ અમરેલી દ્વારા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ટ્રાફિક સુરક્ષા અંગે સેમિનાર યોજવામાં આવ્યો જેમની અંદર ટ્રાફિક પોલીસ બ્રાંચના અધિકારીઓ ગોહિલભાઈ તેમજ મહેશભાઈ દ્વારા ટ્રાફિકના નિયમો તેમજ વાહનચાલકોને રાખવામાં આવતી કાળજી અને અકસ્માતથી સુરક્ષા માટે કેવી રીતે ટ્રાફિકના નિયમો પાળવા તેના વિશે માહિતી આપી. સંસ્થાનાં સંચાલક દીપક ગુરૂજી દ્વારા અધિકારીઓનું પુસ્તક તેમજ ભારતમાતાની છબી ભેટ આપી સન્માન કરાયું.

### નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા દ્વારા

# વડીયા ખાતે નંદઘર આંગણ વાડીનું ખાતમૂર્હૂત કરાયું

### ગુણવતા સભર કામ કરવા અપાઈ સૂચના

વડિયા, તા.૬

૯૫ અમરેલી વિધાનસભા મત વિસ્તારના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ખાતે આ વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના વડિયા પ્રવાસ દરમ્યાન કૃષ્ણપરાના ઢ ોળવા નાકા વિસ્તારમાં નાના ભૂલકાઓના અભ્યાસ માટે નંદ ઘર – આંગણવાડીના નવ નિર્મિત મકાન માટેનું ખાતમુર્હતનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મનરેગા યોજના અંતર્ગત આ આંગવાડીનું નિર્માણ કરવામાં આવશે.

આ તકે નાયબ મુખ્ય દંડક દ્વારા કામ કરનાર એજન્સીને ગુણવતા સભર કામ કરવાની સૂચના આપી હતી.



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડીયા

આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલ અંટાળા, મહામંત્રી શૈલેષ ઠુંમ્મર, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરષોત્તમ હિરપરા, કારોબારી ચેરમેન રાધિકાબેન ગણાત્રા, સરપંચ મનીષ ઢોલરીયા, દિવ્યાંગ દોશી તુષારભાઈ ગણાત્રા, ઉપ સરપંચ કાજલબેન બરાળીયા, મહિલા મોરચાના પારૂલબેન દાફળા, યુવા ભાજપ ના અનિરૂદ્ધ બોરીચા સહીત વડિયા ગ્રામ પંચાયતના સદસ્યોં, તાલુકા ભાજપના હોદેદારો અને આસપાસના ગામના સરપંચો સહીત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


### સમસ્ત દાઉદી વ્હોરા સમાજનાં ઉત્સાહનાં ઘોડાપુર

# ચલાલા : શાંતિનાં આગ્રહી દાઉદી વ્હોરા સમાજનાં ધર્મગુરૂ ડો. સૈયદનું થશે આગમન

### આગામી બુધવારે આગમનને લઈને તડામાર તૈયારીઓ

ચલાલા, તા.૬

સમગ્ર વિશ્વમાં શાંતિનો સંદેશ ફેલાવ્યો છે. અને રાષ્ટ્રના હિત માટેની જે ચિંતા કરી રહયા છે. રાષ્ટ્રીય કાર્યમાં જેમનું મોટું યોગદાન મળી રહયું છે. તેવા દાઉદી વ્હોરા સમાજનાં હિઝ દોલીનેશ ડો.સૈયદનાં મુફદુલ સૈફુદીન (ત.ઉ.શ.) દાના ભગતનું ચલાલા ગામે તા.૧૧/૧૦/૨૦૨૩ બુધવારના પધારવવાનાં હોય તેમનો શાદી સ્વાગત સત્કાર કરવા માટે ચલાલા સમસ્ત હાઉદી વ્હોરા સમાજ સહિત દરેક સમાજમા ભારે તૈયારી સોથ થનગનાટ અને અનેરો ઉત્સાહ જોવા મળે છે. ડો.સૈયદનાં હંમેશા હાઉદી વ્હોરા સમાજમાં સંદેશો આપ્યો છે. કે



હિન્દુસ્તાનમાં જયા–જયાં હાઉદી વ્હોરા સમાજનો વસવાટ છે. ત્યાં અન્ય સમાજ સાથે વ્હોરા સમાજે દુધમાં સાકર ભળે તેમ ભળી જવું અને ભાઈચારાથી રહેવું – તે મુજબ ચલાલાનો સમસ્ત દાઉદી વ્હોરા સમાજ અન્ય દરેક સમાજ સાથે દુધમાં સાકાર ભળે તે રીતે ભળી જઈને ચલાલામાં ભાઈચારાથી ખુબ સારી રીતે રહે છે. અને ચલાલામા ભાઈચારાના જબરદસ્ત માહોલ ઉભો કર્યો છે. ત્યારે ડો.સૈયદના ચલાલા પધારતા હોય દરેક સમાજે આનંદની લાગણી વ્યકત કરી છે. ત્યારે ચલાલાનાં જનાબ સાહેબ હુશેનભાઈ જકાવી, ચલાલાના વાલી ફિદાહુસેનભાઈ હથિયારી, સેફૂભાઈ તરવાડી, ઈસુફભાઈ શામવેદી મુસ્તુફાભાઈ હથિયારી, શબ્બીરભાઈ ખરલેવાળા, તથા દરેક નાના, મોટા ભાઈઓ/બહેનો અને યુવાનો કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહયા છે.

# સાવરકુંડલાની બ્રાંચ શાળા–રમાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી



સાવરકુંડલા, તા.૬

બ્રાંચ શાળા નંબર બે કન્યા શાળામાં 'વન્ય પ્રાણી સપ્તાહ ઉજવણી' આગસ્ટ થી ૮ આગસ્ટ દરમ્યાન વન્ય પ્રાણીઓના રક્ષણ અને સવંધન માટે બાળકો મા જાગૃતિ કેળવાય તે માટે દર વર્ષે તેઓ બ્રાંચ શાળા નંબર બે કન્યા શાળામાં વિવિધ કાર્યક્રમ યોજે છે તેવી રીતે આ વર્ષે પણ વન્ય જીવોના રક્ષણ અને તે ના હોય તો કેવી રીતે જૈવિક પોષણ કડી તૂટતાં પર્યાવરણમા ખલેલ પહોંચાડે છે તેનાં વિશે રેવંતીબેન મેડમે સરસ મજાની વાત કરી હતી. અને તેને અનુસંધાને ચિત્ર સ્પર્ધા, રંગ પૂર્ણસ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા યજવામાં આવી હતી. ભાગ લીધેલ દરેક દિકરી ને પેન અને પ્રથમ, બીજા, અને ત્રીજા ક્રમે આવ્યા હતા તેમને શૈક્ષણીક કીટ આપવામાં આવી હતી સંચાલન આચાર્ય ભારતીબેન અને રેખાબેનએ કર્યું હતું.

### લોકસભાની ચૂંટણીઓ માટે ભાજપની તૈયારી તેજ થઈ

# મેનકા અને વરૂણ ગાંધીનું ભાજપ પત્તું કાપે એવી શક્યતા

### મેનકા ગાંધી અને વરૂણ ગાંધીએ ભાજપના સ્થાનિક કાર્યકરોનો ટેકો ગુમાવી દીધો હોવાના મીડિયાના રિપોર્ટસ

લખનૌ/નવી દિલ્હી, તા.૬

ભારતીય જનતા પાર્ટી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં મેનકા ગાંધી કે વરૂણ ગાંધીને પિલભત કે સુલ્તાનપુરમાંથી ચૂંટણી લડવાની ટિકીટ આપે તે સંભવિત લાગતું નથી. આ માહિતી આપતાં અખબારો સહિત અન્ય મિડીયા રિપોર્ટસ પણ જણાવે છે કે તે માતા-પુત્રે ભાજપના સ્થાનિક કાર્યકરોનો ટેકો ગુમાવી દીધો છે. આ સાથે અહેવાલો તેમ પણ જણાવે છે કે ભાજપે તે બંને સીટો ઉપર અન્ય ઉમેદવારોની શોધ પણ શરૂ કરી દીધી છે. સુલ્તાનપુર સ્થિત ભાજપના કાર્યકરો જણાવે છે કે, સુલ્તાનપુરની જનતા મેનકા ગાંધી પ્રત્યે રોષે ભરાઈ છે. કારણ કે તેઓ તેમના મત વિસ્તારની મુલાકાતે છેલ્લા કેટલાક વર્ષોમાં ભાગ્યે જ આવતાં હોય છે. તેટલું જ નહીં પરંતુ અહીં (સુલ્તાનપુરમાં) યોજાતા કાર્યક્રમોમાં પણ ભાગ્યે જ ઉપસ્થિત રહે છે. ભાજપાની સર્વે પિલભિતના સાંસદ વરૂણ પ્રત્યે પણ ત્યાંની જનતાને અસંતોષ હોવાનું કહે છે. તે ઉપરાંત ખેડૂત આંદોલન દરમિયાન વરૂણે કરેલા વિધાનો તથા અન્ય સ્થળોએ પણ કરેલા વિધાનો પક્ષ (ભાજપ) વિરોધી બની રહ્યાં હોવાથી ઉ.પ્ર. ભાજપ, તેમનાથી નારાજ છે.નિરીક્ષકો તેમ પણ જણાવે છે કે રાહુલ ગાંધી તેઓની ભારત જોડો યાત્રા દરમિયાન દિલ્હીમાં રોકાયા હતા. ત્યારે વરૂણ ગાંધી તેઓને મળવા ગયા હતા. તેવું પણ કહેવાય છે કે કાકા-કાકાના બંને ભાઈઓ કેટલોક સમય એકલા પણ મળ્યા હતા. ભાજપા મોવડી મંડળે પણ તેની નોંધ લીધી હતી. વરૂણ ગાંધી કેન્દ્રની ભાજપ સરકારના કેટલાક નિર્ણયોની જાહેરમાં પણ ટીકા કરતા હતા તેથી મોવડી મંડળ વધુ નારાજ થયું હતું.

વધુમાં પિલભિતના આ સાંસદ (વરૂણ ગાંધી) પક્ષના કોઈ મહત્વના કાર્યક્રમોમાં પણ ઉપસ્થિત રહેતા ન હોવાથી પાર્ટી વર્કર્સ પણ તેમનાથી નારાજ છે. તેથી ભાજપ મોવડી મંડળ કદાચ તેઓની તે બંને સીટ ઉપર ૨૪ની લોકસભાની ચૂંટણીમાં ટિકીટ આપે તે સંભાવના નહીંવત મનાય છે. ભાજપા તે બંને બેઠકો માટે યોગ્ય ઉમેદવારો શોધી રહી હોવાનું પણ કહેવાય છે.

### અમદાવાદનાં સ્ટેડિયમને પણ ઉડાવી નાંખવાની ધમકી

# નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી

### ઈમેલ મોકલનાર વ્યક્તિએ ૫૦૦ કરોડ રૂપિયા અને લોરેન્સ બિશ્નોઈની મુક્તિની કરેલી માંગણી

અમદાવાદ, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. NIAએ PM સુરક્ષા અને અન્ય રાજ્યોની પોલીસ સાથે માહિતી શેર કરી છે. મેલ મળ્યા બાદ મુંબઈ પોલીસે પણ સુરક્ષા વધારી દીધી છે કારણ કે વાનખેડે સ્ટેડિયમમાં પાંચ વર્લ્ડ કપ ક્રિકેટ મેચો રમાવાની છે.નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ને ધમકીભર્યો ઈમેલ મળ્યો છે. આ ઈમેલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમને પણ ઉડાવી દેવાની ધમકી મળી છે. ઈમેલ મોકલનાર વ્યક્તિએ ૫૦૦ કરોડ રૂપિયા અને જેલમાં બંધ ડોન લોરેન્સ બિશ્નોઈની મુક્તિની માંગણી કરી છે. NIAએ PM સુરક્ષા અને અન્ય રાજ્યોની પોલીસ સાથે માહિતી શેર કરી છે.

ધમકીભર્યો મેલ મળ્યા બાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમની સુરક્ષાની સમીક્ષા કરવામાં આવી છે. તે જ સમયે, ICC ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ ની ઉદ્ઘાટન મેચ ગુરુવારે ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે અમદાવાદના વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ સાથે જ ઈમેલ કયા આઈપી એડ્રેસ પરથી આવ્યો છે તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

### તહેવારો વચ્ચે પણ વ્યાજ દરોમાં કોઈ રાહત નહીં

# આરબીઆઈએ ૬.૫ ટકા પર યથાવત રાખ્યો રેપો રેટ

### સેન્ટ્રલ બેંક આરબીઆઈએ મે ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે રેપો રેટમાં સતત ૬ વખત વધારો કર્યો હતો

નવી દિલ્હી, તા.૬

ભારતીય રિઝર્વ બેંકની ત્રણ દિવસીય મોનેટરી પોલિસી કમિટી મીટિંગ ૪ ઓક્ટોબરના રોજ શરૂ થઈ હતી.આજે સતત ચોથી વખત કેન્દ્રીય બેંક ઈમ્ઁએ રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ પહેલા, તે છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩ માં બદલાયું હતું અને ત્યારથી તે ૬.૫૦ ટકા પર રહ્યું છે.

RBI ગવર્નર શક્તિકાંત દાસના આ નિર્ણયથી હોમ લોન EMI પર કોઈ ફરક પડ્યો નથી. બજારને પણ એવી જ અપેક્ષા હતી કે RBI આ વખતે પણ દરો યથાવત રાખશે. સેન્ટ્રલ બેંક આરબીઆઈએ મે ૨૦૨૨ થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે રેપો રેટમાં સતત ૬ વખત વધારો કર્યો હતો. મે ૨૦૨૨ માં, તે ૪ ટકાથી વધારીને ૪.૯૦ ટકા કરવામાં આવ્યું હતું અને હવે તે ૬.૫૦ ટકા છે.

છેલ્લી વખત ફેબ્રુઆરી ૨૦૨૩માં તેને ૬.૨૫ ટકાથી વધારીને ૬.૫૦ ટકા કરવામાં આવ્યો હતો. ત્યારપછી સતત ચોથી વખત તેમાં કોઈ ફેરફાર થયો નથી. મે ૨૦૨૨ પહેલાની વાત કરીએ તો મે ૨૦૨૦માં રેપો રેટ ૪.૪૦ ટકાથી ઘટાડીને ૪ ટકા કરવામાં આવ્યો હતો અને ત્યારથી કોવિડ અને વધેલા મોંઘવારી દરને કારણે લાંબા સમય સુધી તેમાં કોઈ ફેરફાર થયો નથી. હાલમાં રેપો રેટ ૬.૫૦ ટકા છે, SDF દર ૬.૨૫ ટકા છે, MSF દર અને બેંક દર ૬.૭૫ ટકા છે, રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા છે. અને CRR અને SLR અનુક્રમે ૪.૫૦ ટકા અને ૧૮ ટકા છે. સેન્ટ્રલ બેંકના ગવર્નરે કહ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે દેશનો જીડીપી ૬.૫ ટકાના દરે વૃદ્ધિ પામી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે જીડીપી વૃદ્ધિના અનુમાનમાં કોઈ ફેરફાર થયો નથી. ગ્રામીણ માંગમાં સુધારો જોવા મળ્યો છે. શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે વૈશ્વિક દષ્ટિકોણથી ફુગાવાના દરને અસર થઈ છે.

જુલાઈ મહિનામાં ટામેટાં અને શાકભાજીના ભાવને કારણે મોંઘવારીની અસર જોવા મળી હતી. રેપો રેટ તે વ્યાજ દર છે કે જેના પર ભારતમાં રાષ્ટ્રીયકૃત સરકારી અને ખાનગી ક્ષેત્રની બેંકો RBI પાસેથી નાણાં ઉછીના લે છે.

મોંઘવારી વધ્યા પછી, ઈમ્ઁ રેપો રેટમાં વધારો કરે છે, જ્યારે ફુગાવાનો દર ઘટે છે ત્યારે તેને ઘટાડે છે. રિવર્સ રેપો રેટ એ વ્યાજ દર છે જેના પર જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો તેમની થાપણો આરબીઆઈ પાસે રાખે છે. રેપો રેટનો અર્થ એ છે કે જ્યારે વ્યાપારી બેંકોને ભંડોળની અછતનો સામનો કરવો પડે છે, ત્યારે તેઓ આરબીઆઈ દ્વારા માન્ય સિક્યોરિટીઝ જેમ કે ટ્રેઝરી બિલ્સ (તેમની વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર મર્યાદાથી ઉપર) વેચીને એક દિવસ માટે આરબીઆઈ પાસેથી લોન લે છે.

### સતલજના પાણી માટે સુપ્રીમના આદેશ બાદ માનની પ્રતિક્રિયા

# પંજાબ પાસે અન્ય રાજ્યને આપવા એક ટીપું પાણી નથી : માન

### અન્ય રાજ્યોને આપીએ છીએ, તેથી વધારે એક ટીપું પણ પાણી આપવાના નથી, પંજાબના મુખ્યપ્રધાનનો હુંકાર

ચંડીગઢ, તા.૬

સર્વોચ્ચ અદાલતે બુધવારે સતલજ - યમુના - લિંક (એસ.વાય.એલ.) માટે પંજાબમાં તેની કેનાલ માટેની જમીનની મોજણી શરૂ કરવા જણાવ્યું હતું, અને તે માટે પંજાબ સરકારને સહકાર આપવા આદેશ આપ્યો હતો. તે પછી બીજા જ દીવસે ગુરૂવારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું હતું કે, અન્ય રાજ્યને આપવા માટે પંજાબ પાસે એક ટીપું પણ પાણી નથી.

આજે મુખ્યમંત્રીએ બોલાવેલ કેબિનેટની ખાસ બેઠકમાં તે આપના નેતાએ હુંકાર સાથે જણાવ્યું હતું કે, આપણે અત્યારે અન્ય રાજ્યોને આપીએ છીએ, તેથી વધારે એક ટીપું પણ પાણી આપવાના નથી.

તે સર્વ-વિદિત છે કે સતલજ યમુના લિંક માટે, સર્વોચ્ચ અદાલતમાં ચાલી રહેલા કેસમાં બુધવારે ચુકાદો આવતાં સર્વોચ્ચ અદાલતે, કેન્દ્ર સરકારને તે કેનાલ માટેની ભૂમિની મોજણી તત્કાલ હાથ ધરવા જણાવ્યું હતું, જ્યારે પંજાબ સરકારને તે માટે સંપૂર્ણ સહકાર આપવા આદેશ આપ્યો હતો.આજની કેબિનેટ-મીટીંગમાં કોઈ એજન્ડા નિશ્ચિત કરાયો ન હતો, તેમાં એસ.વાય.એલ. અંગે જ ચર્ચા કરવાની હતી. સાથે વિનોદ ધાઈએ રાજ્યના એડવોકેટ જનરલ તરીકે રાજીનામું આપ્યા પછી. તેમના સ્થાને ગુરમિંદ સિંઘને નવા એ.જી. તરીકે નિયુક્ત કરવાની એપ્રુવલ આપવાની કહી.

તેવું પણ કહેવાય છે કે પંજાબમાં પંચાયત ચૂંટણીઓમાં ફીયાસ્કો થયા પછી વિનોદ ધાઈએ રાજીનામું આપ્યું હતું.બીજી તરફ બુધવારે સુપ્રીમ કોર્ટમાં કેસ હારી જવા માટે વિપક્ષો, કોંગ્રેસ અને અકાળ દળે, આપ સરકાર ઉપર માછલાં ધોવાં શરૂ કર્યાં છે. ખાસ કરીને મુખ્યમંત્રી માનને ઘેર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, એસ.વાય.એલ. માટે હસ્તગત કારાયેલી ૫,૩૭૬ એકર પૈકી ૪,૬૨૭ એકર ભૂમિનો માલિકી હક્ક તથા બે માર્ચાના હક્કો ૨૦૧૬ના નવેમ્બરમાં જ ડી-નોટીફાઈડ કરાયા હતા. તેમાં રેવન્યુ અધિકારીઓને સર્વે કરવા તથા રેવન્યુ એસ્ટેટ નિશ્ચિત કરવાના અધિકારો અપાયા હતા તથા મુખ્ય કેનાલમાંથી માઈગ્રેટ, કેનાલ્સ, રોવર મોહાલિ, પતિયાલા, હમેદગઢ સહીતને સિંચાઈ માટે પાણી આપવાનું હતું. તે પૂર્વે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ધી પંજાબ ટર્મીનેશન ઓફ વોટર એગ્રીમેન્ટસ એક્ટ ૨૦૦૪ ગેરકાયદે છે. તેથી પંજાબ સરકારને પાણી આપવું પડયુ હતું.

### કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં માહિતી આપી

# સરકારી વિભાગોમાં કરાર આધારિત નોકરીઓમાં પણ અનામત મળશે

નવી દિલ્હી, તા.૬

સરકારી વિભાગોમાં કરાર આધારિત નોકરીઓમાં પણ અનામત મળશે. કેન્દ્ર સરકારે સુપ્રીમકોર્ટમાં આ માહિતી આપી હતી.

કેન્દ્રએ જણાવ્યું કે સરકારી વિભાગોમાં ૪૫ દિવસ કે તેનાથી વધુની અસ્થાયી નિમણૂકમાં એસસી/એસટી/ઓબીસીઅનામત મળશે. કેન્દ્ર સરકારે કહ્યું કે તમામ મંત્રાલયો અને વિભાગોને અસ્થાયી પદો પર આ અનામતને કડક રીતે લાગુ કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. ખરેખર તો કરાર આધારિત નોકરીઓમાં એસસી/એસટી/ઓબીસીઅનામતની માગ સંબંધિત એક અરજી દાખલ કરાઈ હતી.

તેના જવાબમાં કેન્દ્ર સરકારે જણાવ્યું કે ૨૦૨૨ માં જ ભારત સરકાર દ્વારા જાહેર કરેલી નોટિફિકેશનમાં આ અંગે માહિતી અપાઈ હતી. સરકાર દ્વારા જણાવાયું હતું કે કેન્દ્ર સરકારના પદો અને સેવાઓમાં નિમણૂકના સંબંધમાં ૪૫ દિવસ કે તેનાથી વધુ દિવસની અસ્થાયી નિમણૂકમાં એસસી/એસટી/ઓબીસીઉમેદવારોને અનામત મળશે. જોકે અસ્થાયી નિમણૂકમાં અનામતની વ્યવસ્થા ૧૯૬૮થી લાગુ છે. તેને લઈને ૨૦૧૮ અને ૨૦૨૨ માં પણ નિર્દેશ જારી કરાયા હતા.

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ ૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.

પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ

તા. ૦૭–૧૦–૨૦૨૩ શનિવાર | સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી

સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.



કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)

ચિતલ રોડ, અમરેલી. મો. ૯૯૭૮૯ ૬૬૬૨૯

આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ

- યાદશક્તિ અને ગ્રહણશક્તિમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશક્તિમાં વધારો
- રોગપ્રતિકારક શક્તિ વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને


## જેનાં 33 દેશોમાં કાર્યો ચાલે છે તેવા મહત્વનાં સંગઠનમાં વરણી

# ભૈ વાહ : ઈન્ટરનેશનલ રાયફીસેન યુનિયનનાં મેમ્બર બનતા દિલીપ સંઘાણી

**નાના એવા માળીલા ગામનાં વતની અને અમરેલીને કર્મભૂમિ બનાવનાર નેતાએ સમગ્ર વિશ્વમાં નામ રોશન કર્યુ**

**જર્મનીનાં પ્રવાસ દરમિયાન તેઓને બોર્ડનાં નવનિયુક્ત અધ્યક્ષ ગાઈર્હાફમૈનને શુભેચ્છા પાઠવી**

**નાની એવી મંડળીથી શરૂ કરીને દેશની સર્વોચ્ચ સહકારી સંસ્થાના ચેરમેન બાદ ઈન્ટરનેશનલ કક્ષાએ પણ પ્રતિનિધિત્વ મેળવ્યું**

**અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજય અને દેશનાં આગેવાનો દ્વારા શુભેચ્છા સંદેશ શરૂ થયા**



અમરેલી, તા. ૬

દેશના અમૃત મહોત્સવ સાથે સહકારી પ્રવૃત્તિને વિકાસનું માધ્યમ બનાવી આઝાદી કા અમૃત મહોત્સવને સહકારથી સમૃધ્ધિ તરફ આગળ વધારી રહ્યો છે. જેમાં દેશ–વિદેશનું યોગદાન મજબૂત પાયો છે તેમ વિવિધ દેશોની રાષ્ટ્રિયસ્તરની વિશ્વવ્યાપી સહકારી સંસ્થાઓનું સંગઠન ધરાવતા ઈન્ટરનેશનલ રાયફીસેન યુનિયન (આરઆઈયુ)નાં સદસ્ય તરીકે દિલીપ સંઘાણીની બિનહરિફ વરણી કરવામાં આવતા સૌએ વધાવી અભિનંદન પાઠવ્યા હતા.

જર્મની પ્રવાસે પહોંચેલા રાષ્ટ્રિય સહકારી નેતા દિલીપ સંઘાણીએ સૌ પ્રત્યે આભાર વ્યકત કરવા સાથે બોર્ડના નવનિયુકત અધ્યક્ષ ગઈર્હાફમૈનને જર્મની ખાતે શુભકામના પાઠવી હતી. ગાઈર્હાફમૈન બેકર્સ એસોસીએશનના અધ્યક્ષ તરીકે પણ કાર્યરત છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ૩૩ જેટલા દેશોમાં આ સ્વૈચ્છીક સંઘ કાર્યરત છે.

જર્મની ખાતે દિલીપ સંઘાણીએ જણાવ્યું કે, દેશના આર્થિક અને સાર્વજનીક વિકાસમાં સહકાર અગ્રીમ ભૂમિકા પર છે, આનંદ એ વાતનો છે કે, સહકાર સાથે સમગ્ર વિશ્વ જોડાયું છે અને તેથી જ તેની વિકાસ ચર્ચા સામૂહિક ધોરણે યોજાય. આ ક્ષેત્ર સહકારી ક્ષેત્રે ઘણી આશાઓ ધરાવે છે જે સૌના સહકારથી પૂર્ણ થશે તેમ અંતમાં જણાવેલ.

### પોલીસ અધિક્ષકની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## ચલાલાનાં માણાવદર ગામની સીમમાંથી વિદેશી દારૂની ૨૭૪ બોટલ ઝડપાઈ

**૪ ગુન્હામાં વોન્ટેડ આરોપીની અટકાયત**

અમરેલી, તા. ૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાંથી દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિ અંકુશમાં લેવા ખાસ પ્રોહીબીશન ડ્રાઈવનું આયોજન કરેલ હોય અને આ ડ્રાઈવ દરમિયાન પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા તેમજ પ્રોહીબીશનના ગુનાઓમાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના અને માર્ગદર્શન આપેલ હોય.



જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગત કાલ તા. ૫ નાં રોજ ચલાલા પોલીસ સ્ટેશનના માણાવદર ગામની સીમમાં આવેલ સુર્યદીપ ફાર્મ તરીકે ઓળખાતી વાડીમાં બાતમી હકિકત આધારે દરોડો કરતાં તે દરમિયાન બગસરા, સાવરકુંડલા રૂરલ, ગોંડલ તાલુકા તથા જેતપુર સીટી પોલીસ સ્ટેશનના ગુનાઓમાં વોન્ટેડ આરોપી અજીત બચુભાઈ વાળા (રહે. માણાવાવ, તા. ધારી) વાળાને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ ૭૫૦ એમ.એલ.ની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ ૨૭૪ કિંમત રૂપિયા ૭૫,૭૭૭ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૮૦,૭૭૭ના મુદ્દામાલ સાથે પકડી પાડી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા ચલાલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ના.પો.અ.ની સુચનાથી સીટી ટીમનો સપાટો

## સા.કુંડલામાં થયેલ મોબાઈલ ચોરીનો ભેદ ખોલતી પોલીસ

**આરોપીની અટકાયત કરાઈ**

અમરેલી, તા. ૬

નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરાએ માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ. એમ. સોનીની સુચના અને માર્ગદર્શન હેઠળ ચોકકસ બાતમી આધારે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટાફ દ્વારા સાવરકુંડલા ટાઉનના મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી ચોરીમાં ગયેલ મોબાઈલ સાથે આરોપી ઈકબાલભાઈ આમદભાઈ ચાવડા, રહે. સાવરકુંડલા વાળાને પકડી પાડી



સાવરકુંડલા ટાઉન પોલીસ ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

## અમરેલીમાં આમ આદમી પાર્ટીની મૌન રેલી યોજાઈ



અમરેલી ખાતે આમ આદમી પાર્ટી ધ્વારા જિલ્લા સંયોજક નિકુંજ સાવલિયા, પ્રભારી કાંતીભાઈ સતાસિયાનાં નેતૃત્વમાં રાજયસભાનાં સાંસદ સંજયસિંહની ધરપકડનાં વિરોધમાં મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.





ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧

: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨


### પોલીસ અધિક્ષકની સુચનાથી એસઓજીની કામગીરી

## લીલીયા ખાતે આધાર–પુરાવા કે બિલ વગર મોબાઈલનું વેચાણ કરનાર સામે કાર્યવાહી

**૭૩ મોબાઈલ ફોન સાથે ૩ વ્યકિતઓની અટકાયત**

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર મોબાઈલ ફોન જરૂરી આધાર–પુરાવા કે બીલ વગરનાં વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડવા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.જી.ઓ. ટીમ લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે લીલીયા ટાઉનમાં નાવલી મેઈન બજારમાં અલગ–અલગ મોબાઈલની દુકાન નામે રામ મોબાઈલ,

અનુસંધાન પાના ૬ ઉપર




"અમરેલી એકસપ્રેસ" દૈનિક

જોઇએ છે

અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.

કોમ્પ્યુટર ઓપરેટર....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય...............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

"અમરેલી એકસપ્રેસ" દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)